RNI No. GUJGUJ/2011/44815

વર્ષ : 6

માર્ચ - 2017

કિંમત - રૂ.10/-



શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ



ચાલો લાગણીઓના ચંદનથી
"હું" પદને હોલીમાં જલાવીએ.

સ્નેહ અને પ્રેમ કેરા રંગોથી
આપણી "તિલક હોલી" મનાવીએ.



# ગમતાનો કરીએ ગુલાલ

**જય જલારામ...  જય રઘુવંશ...  જય મહાપરિષદ...**

આત્મીય જ્ઞાતિબંધુઓ

સંગઠન અને સેવાના પગથારે માતૃસંસ્થાની જ્યોત લઈને ખરેખર પ્રકાશના પૂંજ પાથરવા માટે આપણે સૌ સંકલ્પિત થયા છે ત્યારે અત્યંત આનંદની અનુભૂતિ થાય છે.

શ્રી લોહાણા મહાપરિષદનો મુખ્ય ધ્યેય સંગઠન, સેવા અને સમર્પણની સુવાસ પ્રસરાવવાનો છે. મને વિશ્વાસ છે કે મહાજન સશક્તિકરણના માધ્યમથી આપણે તેને સાકાર કરી શકીશું. આરોગ્ય અને શિક્ષણ આ બે પાયાની જરૂરિયાતોને પોષવા માટે માતૃસંસ્થા દ્વારા સંનિષ્ઠ પ્રયાસો થઈ રહ્યા છે તે માટે મારી સાથે ખભેખભા મિલાવી કામ કરતા હોદ્દેદારો તથા દાતાશ્રીઓને હું અઢળક અભિનંદન આપું છું. આવનારા દિવસોમાં રક્તદાન, નેત્રદાન અને અંગદાન જેવી સેવાકીય પ્રવૃત્તિઓને વિસ્તારી અન્ય સમાજો માટે પણ ઉદાહરણરૂપ કામ આપણી સંસ્થા દ્વારા થઈ રહ્યું છે તે નોંધનીય છે. થેલેસેમિયા નાબૂદી અભિયાન અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા પણ આપણી સંસ્થાને બિરદાવી આર્થિક રીતે પણ સહકાર મળી રહ્યો છે અને શરૂઆતના તબક્કામાં પોરબંદર અને જામનગર જિલ્લામાં મોટે પાયે થેલેસેમિયા રક્ત પરિક્ષણના કેમ્પોનું આયોજન સરકારશ્રીના આરોગ્ય વિભાગ અને શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી રહ્યું છે તો થેલેસેમિયા અંગે દરેક ઘરમાં જાગૃતિ કેળવી અને તમામ સભ્યો આ પરિક્ષણ કરાવે તે માટે સ્થાનિક સમાજશ્રેષ્ઠીઓને પણ હું આગ્રહભરી અપીલ કરું છું.

તા. ૮/૯ એપ્રિલ ૨૦૧૭ ના રોજ શ્રી લોહાણા મહાપરિષદના ઉત્તર પૂર્વ વિભાગના યજમાનપદે કોલકત્તા મુકામે યોજાનાર કારોબારી સમિતિ તેમજ મધ્યસ્થ મહાસમિતિની બેઠકમાં સૌ સભ્યો ઉત્સાહભેર ભાગ લે અને આપણે સૌ સાથે મળી સમગ્ર સમાજ માટે સંકલ્પિત સેવાકીય કાર્યક્રમોમાં મક્કમતાપૂર્વક આગળ વધી શકીએ તે અત્યંત જરૂરી છે.

આપણા સમાજમાં સમૂહલગ્નની પરંપરા વર્ષોથી કાર્યરત છે અનેક મહાજનો તથા સંસ્થાઓ દ્વારા સમયાંતરે સમૂહલગ્નોનું આયોજન કરવામાં આવે છે. સમાજના વિવિધ સ્તરે એક જ પ્રદેશ કે વિસ્તારમાં થતા વધુ પડતા સમૂહલગ્નોના બદલે એક છત્ર નીચે વધુ સારી સંખ્યામાં યુગલો જોડાય તે રીતે વિશાળ આયોજન થાય અથવા તો આદર્શ લગ્નના માધ્યમથી ખૂબ જ સાદાઈથી સમાજના પ્રતિષ્ઠિત સભ્યો દ્વારા લગ્ન કરાવી આપવામાં આવે તે પણ અતિ આવકારદાયક વિચાર છે. તાજેતરમાં તા. ૧૨ ફેબ્રુઆરી ના રોજ પૂ.ભાણસાહેબ સમાધિસ્થાન કમીજલા ખાતે પૂ.જાનકીદાસ બાપુના સીધા માર્ગદર્શન હેઠળ યોજાયેલા સમૂહલગ્ન, તા.૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૭ ના રોજ ધરમપુર વલસાડ ખાતે સુશ્રી પ્રજ્ઞાબેન રાજાના સીધા માર્ગદર્શન હેઠળ યોજાયેલ સમૂહ લગ્ન, તા.૧૯ ફેબ્રુઆરીના રોજ ડીસા ખાતે ઉત્તર ગુજરાત દેશી લોહાણા મહાજન દ્વારા તેમજ ભાભર ખાતે અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન દ્વારા તેમજ રાજકોટ ખાતે શ્રી લોહાણા યુવક પ્રગતિ મંડળ દ્વારા તેમજ અન્ય સંસ્થાઓ દ્વારા આયોજિત સમૂહલગ્નોના સુંદર આયોજન બદલ તમામ આયોજકોને માતૃસંસ્થાના હૃદયપૂર્વકના અભિનંદન.

તા.૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ થી તા.૧ નવેમ્બર, ૨૦૧૭ સુધી સિધ્ધપુર મુકામે યોજાનાર શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ અને સામૂહિક માતૃતર્પણના ફોર્મ પણ મધ્યસ્થ કાર્યાલયથી જાહેર કરવામાં આવેલ છે. અતિ મહત્ત્વની અને પ્રાચીન એવી સરસ્વતી નદીના પટમાં આકાર લેનાર આ વિરાટ મહોત્સવમાં સમાજના એકેક સભ્યની હાજરી થાય અને પોથી તર્પણના યજમાન બની માતૃઋણ અદા કરવાના માતૃવંદનાના આ અભૂતપૂર્વ અવસરમાં વધુ ને વધુ પરિવારો જોડાય તે માટે આપના તરફથી આપના જેવા જાગૃત સભ્યો દ્વારા તન, મન અને ધનથી સહકાર મળશે તેવી સચ આશા સહ સૌ પરિવારોને ધૂળેટી પર્વની મંગલકામનાઓ....

પ્રવિણ કોટક
પ્રમુખ
શ્રી લોહાણા મહાપરિષદ

વર્ષ : 6
માર્ચ - 2017
અંક : 62
માલિક
શ્રી લોહાણા મહાપરિષદ

પ્રકાશક : પ્રવિણ કોટક
તંત્રી : તરુણ દત્તાણી
વ્યવસ્થાપક : હિમાંશુ ઠક્કર (મંત્રી)
રાષ્ટ્રીય સંકલક : નરેન્દ્ર દાવડા
વિભાગીય સંકલક :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : સંજય પાઉ (ઇન્દોર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
માર્ગદર્શક :
યોગેશભાઈ લાખાણી
ધીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ટ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન : (૦૭૯) ૪૦૦૯૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org

સભ્યપદ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-

સળંગ વર્ષ : 19 સળંગ અંક : 221

ઈમેઈલ :
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
imppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreeimpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા

માતૃસંસ્થાની અટારીએથી .......... ૨
પરીક્ષાની જીંદગી અને જીંદગીની પરીક્ષા : પ્રો. ચંદ્રકાંત જે. તન્ના .... ૫
કાર્યાલય સમાચાર .......... ૭
મહિલા વિભાગ તથા યુવા વિભાગ .......... ૮
સ્થાયી સમિતિઓના અહેવાલ .......... ૯
સંસ્થા સમાચાર .......... ૧૮
શાબાશ રઘુવંશી .......... ૨૦
માતૃતર્પણ રજીસ્ટ્રેશન ફોર્મ .......... ૨૧
રામનવમી : રઘુવંશી ગૌરવ દિન .......... ૨૩
સૌજન્ય જાહેરાત : શ્રી દિપકભાઈ ઠક્કર, અમદાવાદ.......... ૨૪





# જાહેર આભાર

શ્રી લોહાણા મહાપરિષદના મુખપત્ર શ્રી રઘુકુળ વિશ્વમાં આર્થિક રીતે સહભાગી થવા ટાઈટલ પેજ તેમજ અંદરના પાને વિઝિટીંગ કાર્ડ સાઈઝની જાહેરાતોના માધ્યમથી જે જે દાતાઓ આર્થિક રીતે સહભાગી થયા છે તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. આ અંકમાં અંદરના પાનાની ૩૨ વિઝિટીંગ કાર્ડ સાઈઝની જાહેરાતોના ૧૨ અંક પૂર્ણ થતા હોવાથી આ કાર્યમાં પોતાનો સહયોગ આપવા ઈચ્છતા સભ્યોએ કાર્યાલયનો સંપર્ક કરવો. વિઝિટિંગ કાર્ડ સાઈઝની મેટરમાં આપની શુભેચ્છા જાહેરખબર આગામી ૧૨ અંકો સુધી રૂા. ૨૫,૦૦૦ના અનુદાનથી પ્રાપ્ત કરી શકાશે. આ ઉપરાંત તા.૧૩ મે, ૨૦૧૭ ના રોજ ચોટીલા જલારામ ધામ મુકામે યોજાનારા જીવનસાથી પસંદગી પરિચય મેળાની પુસ્તિકામાં પણ જાહેરખબરના માધ્યમથી અનુદાન દ્વારા સહયોગી થવા ઈચ્છુક દાતાઓએ કાર્યાલયનો સંપર્ક કરવો.

- કાર્યાલય

# પરીક્ષાની જીંદગી અને જીંદગીની પરીક્ષા
## Tension લેને કા નહીં...

**વક્ત ભી શિખાતા હૈ ઔર ટીચર ભી... પર, દોનો મેં ફર્ક સિર્ફ ઈતના હૈ કિ....**
**ટીચર સીખા કર ઈમ્તેહાન લેતા હૈ ઔર, વક્ત ઈમ્તેહાન લેકર સિખાતા હૈ...**

દોસ્તો, પરીક્ષાની જીંદગી અને જીંદગીની પરીક્ષા એક સિક્કાની બે બાજુઓ છે. સમય અને શિક્ષક આ સિક્કાના પડાવ પોતપોતાની રીતે નિર્ધારિત કરે છે. બસ ઉપરોક્ત પંક્તિઓમાં કવિએ કહ્યું એ મુજબ શિક્ષક શીખવીને પરીક્ષા લે છે, જ્યારે સમય પહેલાં પરીક્ષા લઈ લે છે અને પછી શીખવે છે. તો મિત્રો, સિક્કાની આ બન્ને બાજુઓનો તાલમેલ જાળવવો આપણા હાથમાં છે કેમ કે પરીક્ષાની જીંદગી પૂરી થતાં જ જીંદગીની પરીક્ષા શરૂ થવાની છે. પરીક્ષાની જીંદગીમાં વિદ્યાર્થી મિત્રો તમને ઘણા ઓપ્શન મળે છે. પરંતુ જીંદગીની પરીક્ષાના બધા જ પ્રશ્નો એટેન્ડ કરવા ફરજિયાત હોય છે. જીંદગીની પરીક્ષામાં કોઈ ઈન્ટરનલ ઓપ્શન કે જનરલ ઓપ્શન મળતું જ નથી. આર્કિટેક્ટસ બ્લ્યુ પ્રિન્ટ બનાવે અને બ્રોશરમાં - કોમ્પ્યુટરે તૈયાર કરેલા મોડલ મુજબનું કોપી ટુ કોપી મકાન તૈયાર થઈ જાય એવું લાઈફમાં બનતું નથી. નદીની ભેખડે ઉગેલા વૃક્ષની માફક જીંદગીની ડાળીઓ તો અનિયમિત આકારમાં આડેધડ વિસ્તરે છે, એટલે સુંદર લાગે છે અને એટલે જ દીવાલો પર વહેતી નદી કે ઉછળતા ધોધના પોસ્ટર્સ હોય છે, ફાઈવસ્ટાર સ્વીમીંગ પૂલના નહિ ! આકાશમાં સેટેલાઈટ છોડવા હોય તો એની પ્રક્રિયા પૂર્વનિર્ધારિત હોય છે, પણ ધરતી પર કેમ જીવવું એની કોઈ પ્રિ-પ્લાન્ડ ફોર્મ્યુલા શક્ય નથી. પરીક્ષામાં આવતા ન ધારેલા પ્રશ્નોની જેમ જીંદગીમાં પણ ન ધારેલું પણ બને છે અને એ જ જીવનનો રોમાંચ છે, જેને લીધે એની સાથેનો રોમાન્સ ટકી રહે છે.

માર્ચ મહિનો એટલે વસંત અને ફાલ્ગુન મહોત્સવની સાથે સાથે પરીક્ષા ઉત્સવ પણ હોય જ છે. ધોરણ દશ, બાર અને કોલેજના બધા જ વિદ્યાર્થીઓની પરીક્ષાઓ શરૂ થવામાં છે ત્યારે એક ડર ટીનએજર્સ કરતાંય વધુ તો એમના મમ્મી-પપ્પાઓના મનમાં ઘુમરાતો રહે છે. પરીક્ષા કેવી રહેશે, કરિયરનું શું થશે ? બીજાઓ શું વિચારશે ? શું કહેશે ? ઓકે. જરાક શાંતિથી વિચારો. આપણું શું થયું ? આપણી આજુબાજુના, સગાસંબંધી કે મિત્રોનું શું થયું ? શું બધા બરબાદ થઈ ગયા ? ખતમ થઈ ગયા ? સમાજમાંથી ફેંકાય ને કાયમ માટે ફુટપાથ પર આવી ગયા ? ના, બધા જ કોઈની કોઈ રીતે પોતાની આવડત પ્રમાણે જીવનમાં સેટ થઈ ગયા છે. હા, બધાની જીવનયાત્રા એકસરખી નહિ હોય. ઘણા ભણતા હોય ત્યારે પપ્પુ કે ઢબ્બુ લાગતા હશે. એવરેજ કે બીલો એવરેજ કે સાવ ઠોઠ હશે. તો શું એ બધા બરબાદ થઈ ગયા ? ભીખારી થઈ ગયા ? મોટે ભાગે નહિ જ. અપવાદરૂપે કોઈ જ ટોટલ ફેઈલ્યોરના લીસ્ટમાં હશે. બાકી તો બધા જ કોઈ ને કોઈ રીતે "કીડીને કણ, હાથીને મણ"ની જેમ સેટ થઈ જ જાય છે. કમાતા થઈ જાય છે. જીવન વ્યવહાર શીખી લે છે. પાર્ટનર પણ મેળવી લે છે. ઘર, ગાડી, નોકરી, ધંધો ગોઠવી લે છે. કહેવાનો અર્થ એ છે કે એકાદ બે પરીક્ષામાં સારો દેખાવ ન થાય કે ઈવન નાપાસ પણ થવાય એનાથી કંઈ નાથાલાલમાંથી નાથીયો થઈ જવાય એવું ય સાવ નથી. બેશક, ભણવામાં ધ્યાન આપી શ્રેષ્ઠ પ્રયત્ન કરીને પરીક્ષા આપવી જ જોઈએ. પરંતુ અતિશય તનાવમાં રહીને નહિ પણ ઉત્સાહ અને આત્મવિશ્વાસ કેળવીને પોઝિટીવ એટીટ્યૂટ સાથે પરીક્ષા આપવી જોઈએ.




પરીક્ષાની જીંદગી કે જીંદગીની પરીક્ષામાં સફળ થવા માટે બે શબ્દો અનિવાર્ય છે - ડિસીપ્લીન અને ડેડીકેશન, જો એ બે સાથે મળે તો ક્યારેક ડેસ્ટિની પણ પોતાનું ડાયરેક્શન બદલાવી દે છે. પૂરપાટ ભાગતા બાઈકની સ્પીડ આનંદ ત્યારે જ કરાવે જ્યારે એના ટાયર, ગીઅર, બ્રેક પૂરી શિસ્તમાં એકધારું પરફોર્મ કરતા હોય. ડેડિકેશન અને ડિસિપ્લીન ધીરે ધીરે એક કાયમી કોન્ફિડન્સ બિલ્ડઅપ કરે છે. કરેજ એટલે કે "ટેકિંગ રિસ્ક ઈન્સાઈટ ઓફ ફીયર" પછી થોડો પરિણામનો ડર સતાવે, ત્યારેય જોખમ લેવાનું સાહસ થઈ શકે છે. કારણકે પ્રિપેરેશન નબળી નથી, પ્રેક્ટિસ અપૂરતી છે - એવો પોઝિટિવ અહેસાસ છે. તો મિત્રો ડિસીપ્લીન,

## ડેડીકેશન, ડીલીજન્સ (સખત મહેનત), પ્રિપેરેશન અને પ્રેક્ટિસ માટેની આ રહી કેટલીક ટીપ્સ :

### મંઝિલ સુધી પહોંચવાની જીદ !

વિદ્યાર્થી મિત્રો, એક વાત ચોક્કસપણે યાદ રાખજો કે જ્યાં સુધી કોઈ ધ્યેય નજર સમક્ષ નથી હોતું. ત્યાં સુધી તે મેળવવાના પ્રયત્નોમાં સાતત્ય જાળવી શકાતું નથી. મોટે ભાગે વ્યક્તિ પોતાનું જીવન ધ્યેય નક્કી કર્યા વિના જ વિતાવી દે છે. અહીં આપણે બે વિદ્યાર્થીની વાત લઈએ. ધારો કે બે મિત્રો છે. બન્ને મિત્રો સારા માર્કસ મેળવવાની મહેનત કરે છે, પરંતુ તેમાંથી પહેલા મિત્રએ આવનારી પરીક્ષા માટે ૯૦% નું ધ્યેય નક્કી કર્યું છે. બીજા પાસે કોઈ ધ્યેય નથી. તો શું લાગે છે તમને કે કોણ વધુ સારી મહેનત કરતું હશે ? સ્વાભાવિક છે કે જેણે પોતાનું ધ્યેય નક્કી કર્યું છે તે જ !

### પોષણયુક્ત આહાર અને પૂરતી ઊંઘ

અંગ્રેજીમાં સરસ પંક્તિ છે, "Healthy Mind Always dwels in healthy body" "જેનું તંદુરસ્ત તેનું મન તંદુરસ્ત" અને જો તનને તંદુરસ્ત રાખવું હોય તો આપણી ફૂડ હેબીટ અને લાઈફ સ્ટાઈલ સુવ્યવસ્થિત હોવી જોઈએ. આજની નવી પેઢી આ બાબતને લઈને ખુબ જ બેદરકાર છે. જો **Health** ને આપણે Wealth બનાવવી હોય તો પોષણયુક્ત સપ્રમાણ અને નિયમિત રીતે આપણી ફૂડ હેબીટ બનાવવી પડે અને સાથે સાથે વૈજ્ઞાનિકોના મત મુજબ છ થી આઠ કલાકની ઉંઘ લેવી પડે. આજના આ ઝડપથી બદલાતા ટેક્નોલોજીના યુગમાં સ્પર્ધામાં ટકવા અને ટક્કર ઝીલવા આ મંત્ર કાયમ યાદ રાખજો કે "જો ફીટ હૈ વોહી હીટ હૈ."

### ક્યા સમયે વાંચવું વધારે સારું, સવારે કે રાત્રે ?


ઘણી વખત શિક્ષકો, વાલીઓ અને વડીલો દ્વારા એવી સલાહ અપાય છે કે સવારે વહેલા ઉઠીને વાંચવું જોઈએ. તો વળી ઘણા એવું કહે છે કે રાતે વાંચવું વધુ સારું. પરંતુ વિજ્ઞાન પ્રમાણે શું વધુ સારું અને સાચું છે એ સમજી લઈએ તો યાદશક્તિનો મહત્તમ ઉપયોગ થઈ શકે.

### વહેલી સવારનું વાંચન

વહેલી સવારે મગજ સ્વસ્થ હોવાથી વાંચેલું સરળતાથી યાદ રહી જાય છે એટલે આ ક્ષેત્રના સંશોધનો પ્રમાણે સવારે વાંચેલું ટૂંકા ગાળા માટે વધુ સારી રીતે યાદ આવે છે, પરંતુ ૨૪ કલાક બાદ તેનો ઉપયોગ કરવાની ક્ષમતા ઘટી જાય છે એટલે કે આવતી કાલે સવારે પરીક્ષા માટેની તૈયારી કરવી હોય તો મોડી રાત સુધી વાંચી સૂઈ જવા કરતા સવારે વહેલું ઊઠીને વાંચવું વધુ યોગ્ય છે.

### રાત્રે સૂતા પહેલાંનું વાંચન

સંશોધનો સુચવે છે કે રાત્રે વાંચેલું લાંબા ગાળાની યાદશક્તિમાં સચવાય છે તેથી જો પરીક્ષા પહેલાં તૈયારીના ભાગરૂપે વાંચવું હોય તો રાત્રે સૂતાં પહેલાં જ વાંચવું જોઈએ.



### પરીક્ષાની તૈયારી માટેનું આસપાસનું વાતાવરણ અને સંગ

કોઈપણ કામ કરતી વખતે આપણી આસપાસનું વાતાવરણ આપણી એકાગ્રતા અને કામ કરવાના મુડને અસર કરે છે. ભણવામાં તેમજ પરીક્ષાની તૈયારીમાં પણ આ બાબત ધ્યાનમાં રાખો, કે શું વાંચતી વખતે વાંચવા કે તૈયારી કરવા યોગ્ય જરૂરી વાતાવરણ ઊભું કરાયું છે ખરું ? સામાન્ય રીતે આપણો સ્ટડીરૂમ કે સ્ટડીટેબલ એકદમ નીટ અને ક્લીન તેમજ શાંત અને સ્વચ્છ વાતાવરણમાં હોવો જોઈએ. રૂમ કે ટેબલની સામે સ્વામી વિવેકાનંદ કે અબ્દુલ કલામ જેવા પ્રેરણાદાયી વ્યક્તિ ધરાવતા લોકોના ફોટો રાખવાથી આપણને સતત પ્રેરણા મળ્યા કરે છે.




### વાંચન પછી ચિંતન અને મનનની ટેવ પાડો

વિજ્ઞાન એવું કહે છે કે, આપણે આપણો ૫૦% સમય વાંચન અને ૫૦% સમય ચિંતન અને મનન માટે ફાળવવો જોઈએ. દિવસ દરમિયાન વાંચેલું કે શીખેલું બધું જ રાત્રે સૂતી વખતે ચિંતન - મનન કરી લેવાથી ઘણો મોટો લાભ થાય છે.

હા તો મિત્રો, હવે જ્યારે તમારી પરીક્ષા નજીક છે ત્યારે પરીક્ષા આપવા જતા પહેલાં, દરમિયાન અને પછી શું કરવું તે સમજીએ :

### પરીક્ષા પહેલાના દિવસોમાં

- હવે નવું શીખવાનું ટાળો અને જે તૈયાર કર્યું છે તેના પર વધુ ધ્યાન આપો.
- આગળ બતાવ્યું તેમ ભોજન અને ઊંઘમાં નિયમિતતા રાખો.
- પૂરો આત્મવિશ્વાસ અને પોઝિટિવ એટીટ્યૂડ રાખો.
- મને બધું જ યાદ છે, હું ખૂબ જ સરસ રીતે જ પરિક્ષા આપીશ, મને ખૂબ સારા માર્કસ આવશે જ તેવો અભિગમ કેળવો અને પોતાની જાતને આ સતત કહેતા રહી યાદ અપાવતા રહો.
- પરીક્ષાના પેપરનો જે સમય હોય એ સમયે ઘરે પણ ખૂબ જ ફ્રેશ રહેવાની ટેવ પાડો. દા.ત. સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ નું પેપર હોય કે બપોરે ૨.૦૦ થી ૫.૦૦ નું પેપર હોય તો એ સમયે તમે તાજગીસભર હોવા જોઈએ એ પ્રકારે તમારા શરીર અને મગજને કેળવો.
- પરીક્ષા આપવા જતી વખતના કપડાં સ્વચ્છ, સુઘડ અને કમ્ફર્ટેબલ હોય તેવા પહેરો, પેન, પેન્સીલ અને અન્ય સામગ્રી યાદ રાખી તૈયાર કરી લો. Exam Hall Ticket ની બે કોપી કઢાવી અલગ રાખી મૂકો કે જેથી ભૂલથી ખોવાઈ જાય તો ટેન્શન ન આવે.


### પરીક્ષા ખંડમાં પેપર લખતી વખતે

- પૂરા કોન્ફીડન્સ અને પોઝિટીવ એટીટ્યૂડથી પરીક્ષા આપો.
- પેપર વાંચ્યા પછી બધા જ પ્રશ્નોને સરખું મહત્ત્વ અપાય તે પ્રકારનું સમયનું આયોજન કરો.
- જે જવાબો વધુ સારા આવડતા હોય તેને અગ્રીમતા આપો.
- પૂરેપૂરા ૧૦૦ માર્કસનું ત્રણ કલાકમાં લખાઈ જાય તેનું ધ્યાન રાખો. કશું જ છૂટી ન જાય તે જરૂરી છે.
- પેપર પૂરું થયા બાદ પરીક્ષાખંડમાં આપણી કોઈ વસ્તુ ભૂલી ન જવાય તેની ખાસ કાળજી રાખો.


### પરીક્ષાનું પેપર અપાયા બાદ

- અત્યારે આપી દીધેલ વિષયની પરીક્ષામાં ત્રણ કલાક માનસિક અને શારીરિક શ્રમ કર્યા બાદ, સહેજ પણ સમય વેડફ્યા વગર ઘરે પહોંચી જવું. થોડું હળવું ભોજન લઈ આરામ કરી લેવો.
- પેપર કેવું ગયું છે તે ચેક કરવું નહીં કેમ કે કંઈક ભૂલ કરીને આવ્યા હશો અને ચિંતામાં આવી જશો તો તેની અસર પછીના પેપર પર પણ પડશે. પતી ગયું છે તેમાં હવે તમે કોઈ ફેરફાર કરી શકવાના નથી, તો નાહક ચિંતાનો શો ફાયદો ?

મિત્રો, જો આ બધી કાળજી રાખીશું તો ઘણો બધો ફાયદો થશે, બાકી તો મારું સ્પષ્ટપણે માનવું છે કે, "સવાર / સારથિ એના ઘોડાને નદીના કિનારા સુધી લઈ જઈ શકે, પરંતુ પાણી ન પીવડાવી શકે, એ જ રીતે તમોને બધા જ જુદી જુદી રીતે માર્ગદર્શન આપશે પરંતુ જ્ઞાનરૂપી પાણી તો તમારે જાતે જ પીવું પડશે. તૈયારી તમારે પોતાએ જ કરવાની છે અને તેથી અંતમાં હું એટલું જ કહીશ કે :




"રાખ ભરોસો ખુદ પર, શાને શોધે છે ફરિશ્તાઓ ?
સમંદરના પંખીઓ પાસે ક્યાં હોય છે નકશાઓ ?
તોયે શોધી લે છે રસ્તાઓ !
સૌને પરીક્ષાની જીંદગીને જીંદગીની પરીક્ષાની શુભેચ્છાઓ !!!




પ્રો. ચંદ્રકાન્ત જે. તન્ના
ઉદ્‌ઘોષક, શ્રી લોહાણા મહાપરિષદ, (વલ્લભવિદ્યાનગર)

# કાર્યાલય સમાચાર

તા.૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૭ ને શુક્રવાર ના રોજ મધ્યસ્થ કાર્યાલય અમદાવાદ ખાતે અમદાવાદ સ્થિત લોહાણા સમાજની વિવિધ સેવાભાવી સંસ્થાઓ તથા સ્થાપિત મહાજનશ્રીઓના પ્રતિનિધિઓની એક મીટીંગ યોજાઈ. આ મીટીંગમાં શ્રી લોહાણા મહાપરિષદની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓથી સૌને માહિતગાર કરવામાં આવ્યા. તા.૨૫ ઓક્ટોબરથી ૧ નવેમ્બર, ૨૦૧૭ સુધી સિધ્ધપુર મુકામે યોજાનારા શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ તથા સામૂહિક માતૃતર્પણના કાર્યક્રમ અંગે સૌ સાથે માહિતીનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું. તમામ ઉપસ્થિત સભ્યોએ તન-મન અને ધનથી સંપૂર્ણ સહકારની ખાતરી આપી અને ઉત્સાહભેર આયોજનમાં જોડાવા માટે કટિબધ્ધતા વ્યક્ત કરી હતી. પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે પણ અમદાવાદ જિલ્લાનો સંકલિત ડેટાબેઝ તૈયાર થાય તથા આગામી આયોજનોમાં સૌ ઉત્સાહપૂર્વક જોડાય તે માટે અપીલ કરી હતી. આ મીટીંગમાં શ્રી લોહાણા મહાપરિષદના સંયુક્ત મંત્રીઓ, સહમંત્રીઓ તથા તમામ સંસ્થાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. અત્યંત સફળતા પૂર્વક યોજાયેલી આ મિટિંગનું સુંદર સંકલન કરવા બદલ પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકે સંયુક્ત મંત્રીશ્રી હરીશભાઈ ઠક્કરને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.




સંકલન : રમેશ અનમી

## શ્રી લોહાણા મહાપરિષદ નિર્વાસિત ગૃહ અને મહિલા ગૃહ ઉદ્યોગ ટ્રસ્ટ-મુલુંડ





શ્રી લોહાણા મહાપરિષદ નિર્વાસિત ગૃહ અને મહિલા ગૃહ ઉદ્યોગ ટ્રસ્ટ - મુલુંડની મિટિંગ તા.૨૯ ફેબ્રુઆરી, ૨૦૧૭ ના રોજ મુલુંડ ગુજરાતી શાળા ખાતે શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના આ મિટિંગમાં શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી યોગેશભાઈ લાખાણી, શ્રી પરેશભાઈ ભૂપતાણી, શ્રી નેણશીભાઈ મિરાણી, શ્રીમતી મીતાબેન મસરાણી, શ્રી મહેશભાઈ મસરાણી, શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી જીતુભાઈ ઠક્કર, શ્રી પિયુષભાઈ ગંઠા, શ્રી ભાવેશભાઈ મિરાણી, શ્રી નીતીનભાઈ પાંધી, શ્રી મુકેશભાઈ કોટક વગેરે સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટની આ મિલકતને નજીકના ભવિષ્યમાં નવીનીકરણ કરવા માટે જરૂરી ચર્ચા-વિચારણા કરી દરેકના સૂચનો લેવાયા હતા. આ અંગે કાયદાકીય નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન મેળવી સંસ્થાનો વિકાસ ખૂબ સારી રીતે થઈ શકે તે માટે કાર્યવાહી કરી કામ હાથ પર લેવા માટે નક્કી કરાયું હતું. સંસ્થાના બિલ્ડીંગમાં આવેલી ગુજરાતી શાળાને આગળની કાર્યવાહી કરવા માટે પણ પ્રિન્સિપાલ શ્રીને હાલની સ્થિતિ અંગે માહિતી મેળવી યોગ્ય પગલાં લેવા માટે પણ રજૂઆત કરાઈ હતી. ટ્રસ્ટીશ્રીઓ તથા આમંત્રણને માન આપીને ઉપસ્થિત રહેલા સભ્યોનો પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે આભાર વ્યક્ત કર્યો હતો.

સંકલન : ભાવેશ મિરાણી, સહમંત્રી (મુંબઈ)

# મહિલા વિભાગ

શ્રી લોહાણા મહાપરિષદની મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગની મહિલા સમિતિ પ્રેરિત સાંગલી - મીરજ લોહાણા મહાજન દ્વારા મહિલા સંમેલનનું આયોજન થયું. રોટરી ક્લબ સાંગલી ખાતે તા.૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૭ ના રોજ આયોજિત આ કાર્યક્રમમાં જ્ઞાતિની બહેનો તથા માતાઓ માટે થેલેસેમિયા પ્રત્યે જાગૃતિ કેળવવા માટે વ્યાખ્યાન તથા થેલેસેમિયા રોગ પર ડૉ. મીનાબેન પારેખની અધ્યક્ષતામાં પરિસંવાદનું આયોજન થયું આ ઉપરાંત મનોરંજન કાર્યક્રમ પણ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુંબઈથી શ્રી લોહાણા મહાપરિષદના મહિલા વિભાગના રાષ્ટ્રીય ઉપપ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠલાણી પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સોનલબેન તન્ના, વંદનાબેન કોઠારી, આશાબેન મજીઠીયા, ભાવનાબેન ઠક્કર, નમીતાબેન સામાણી તથા ડિમ્પલબેન કોટકે વિશેષ જહેમત ઉઠાવી હતી.





# યુવા વિભાગ

સમગ્ર દેશ તથા વિદેશમાં એલએમપી યુથ વિંગ અંતર્ગત સમાજ માટે સમર્પિત અનેક કૌશલ્યવિધ યુવાનોની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. દરેક મહાજનશ્રીઓના હોદ્દેદારોને તેમજ સંસ્થાઓના પ્રમુખશ્રીઓને આપના વિસ્તારમાંથી આવા સેવાભાવી યુવાનોની યાદી તૈયાર કરી દરેક વિભાગના યુવા અધ્યક્ષશ્રીઓને અથવા તો શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય પર મોકલી આપવા વિનંતી. શ્રી લોહાણા મહાપરિષદની વિવિધ સેવાકીય તેમજ રચનાત્મક પ્રવૃત્તિઓને વેગવંતી બનાવવા તેમજ તમામ યોજનાઓનો લાભ જરૂરિયાતમંદ પરિવાર સુધી પહોંચડવા માટે દરેક વિસ્તારમાં યુવાનો, વડીલોના માર્ગદર્શન હેઠળ સક્રિય બને તે અતિ આવશ્યક છે.

સંકલન - અજય વડેરા (ગોદિયા)
રાષ્ટ્રીય યુવા અધ્યક્ષ

# UPSC ટ્રેનિંગ

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને આગામી બે વર્ષ સુધી દર શનિવાર તથા રવિવારે વિવિધ તજજ્ઞો દ્વારા પ્રશિક્ષણના વર્ગ શરૂ કરવામાં આવનાર છે. આ યોજના અંતર્ગત ઉત્સુક વિદ્યાર્થી- વિદ્યાર્થીઓના ફોર્મ કાર્યાલય પર પ્રાપ્ત થઈ રહ્યા છે. આ માસના અંત સુધીમાં પ્રાપ્ત થયેલાં ફોર્મમાંથી સમિતિ દ્વારા પસંદગી પામેલ વિદ્યાર્થીઓની ટ્રેનિંગ શરૂ કરવામાં આવશે. આ યોજનામાં જોડાવા ઈચ્છતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરૂ પાડવા તમામ મહાજનશ્રીઓનાં હોદ્દેદારોને આગ્રહ ભરી અપીલ કરીએ છીએ.

સંકલન - ધર્મેશ હરિયાણી

# સ્થાયી સમિતિઓના અહેવાલ

## પ્રોફેશનલ સમિતિ તથા બિઝનેશ ડેવલેપમેન્ટ સમિતિ





શ્રી લોહાણા મહાપરિષદની પ્રોફેશનલ સમિતિ તથા બિઝનેસ ડેવલપમેન્ટ સમિતિના સંયુક્ત ઉપક્રમે "જીએસટી, યુનિયન બજેટ અને પર્સનાલિટી ડેવલપમેન્ટ" વિષય ઉપર એચ. ટી. પારેખ કન્વેન્શન હૉલ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન, અમદાવાદ ખાતે તા. ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૭ ના રોજ સવારે ૧૦.૦૦ થી ૨.૦૦ કલાક સુધી અત્યંત સફળતાપૂર્વક યોજાયો. રજિસ્ટ્રેશન અને અલ્પાહાર બાદ પ્રોફેશનલ સમિતિના અધ્યક્ષ શ્રી શિલ્પાંગભાઈ કારીયા તથા બિઝનેસ ડેવલપમેન્ટ સમિતિના અધ્યક્ષ શ્રી દિગ્વિજયભાઈ કાપડીયાએ સૌનું શાબ્દિક સ્વાગત કરી રઘુવંશી ધ્વજવંદન ગીતથી કાર્યક્રમની શરૂઆત થઈ. સૌ પ્રથમ આરતી કનવર (આઈએએસ) સ્પેશિયલ કમિશનર ઓફ કોમર્શિયલ ટેક્સ, શ્રી રાવલ સાહેબ (ડેપ્યુટી કમિશ્નર), સીએ ડૉ. નિલેશ સૂચક (ઈનડાયરેક્ટ ટેક્સિસના નિષ્ણાત), મુંબઈથી પધારેલા શ્રી કિશોરભાઈ કારીયા (ઈન્કમટેક્સ નિષ્ણાત) તથા નાસિકથી ખાસ પધારેલા શ્રી દિગ્વિજયભાઈ કાપડીયાએ ખુબ જ સાહજિક શૈલીમાં પોતાના વક્તવ્ય આપ્યા હતા અને તમામ શ્રોતાઓને આકર્ષિક કર્યા હતા. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે સંસ્થાની કાર્યપ્રવૃત્તિઓ વિશે તમામ માહિતી પૂરી પાડી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ઈન્ડિયા હોન લોન લિ.ના એમ.ડી. શ્રી મહેશભાઈ પુજારા, વર્લ્ડ ટુર ટ્રાવેલ્સના એમ.ડી. શ્રી દિપકભાઈ ઠક્કર તથા અન્ય સભ્યોનો આર્થિક સહયોગ સાંપડ્યો હતો. આ કાર્યક્રમમાં વાઈસ ગવર્નર શ્રી પરેશભાઈ ભૂપતાણી, શ્રી હિંમતભાઈ કોટક, શ્રી ભાઈલાલભાઈ ઠક્કર, શ્રી કે. આઈ. ઠક્કર, શ્રી કૌશિકભાઈ મજિઠિયા, શ્રી રાજેન્દ્રભાઈ મજિઠિયા, શ્રી અશોકભાઈ ગઢિયા, શ્રી નીતીનભાઈ ઠક્કર, શ્રી જગદીશ મજિઠિયા તથા શ્રી લોહાણા મહાપરિષદના સંયુક્ત મંત્રીઓ, સહમંત્રીઓ તથા સ્થાયી સમિતિના અધ્યક્ષો ઉપસ્થિત રહ્યા હતા. શહેરના તજજ્ઞો, વડીલો તથા વેપારીઓ ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શ્રી પ્રવિણભાઈ કોટકે આ સુંદર આયોજન બદલ પ્રોફેશનલ કમિટિ અને બિઝનેસ ડેવલપમેન્ટ કમિટિને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતા તેમજ શ્રી લોહાણા મહાપરિષદની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં એસ. જી. હાઈવે ઉપર ભાગવત વિદ્યાપીઠ સોલા ખાતે નિર્માણાધિન અતિથિ નિકેતન ગૃહ તથા આગામી વર્ષે યોજાનાર શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ તથા માતૃતર્પણના ભવ્યાતિભવ્ય કાર્યક્રમ અંગે પણ વિશેષ માહિતી પૂરી પાડી હતી.











અંતમાં શ્રી શિલ્પાંગભાઈ કારીયાએ આ કાર્યક્રમને સફળ બનાવવા જેમણે જેમણે પોતાનો સહયોગ આપ્યો છે તે તમામનો આભાર માન્યો હતો અને વિશેષમાં શ્રી ધર્મેશભાઈ હરિયાણી, શ્રી રાજીવભાઈ રવાણી તથા શ્રી અલ્પેશભાઈ જોબનપુત્રા અને સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો. અંદાજે ૩૦૦ જેટલા સભ્યોએ અત્યંત સફળતાપૂર્વક યોજાયેલા આ કાર્યક્રમમાં તજજ્ઞોના જ્ઞાનનો લાભ લીધો હતો.

સંકલન : મુકેશ ગોવાણી






# (ઉત્તર-પૂર્વ વિભાગ) પ્રોફેશનલ સમિતિ

પ્રોફેશનલ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ (ઉત્તર-પૂર્વ વિભાગ) તથા શ્રી કલકત્તા ગુજરાતી સમાજના સંયુક્ત ઉપક્રમે કેન્દ્રીય બજેટ - ૨૦૧૭ વિષે એક માહિતીપૂર્ણ સેમિનારનું આયોજન તા. ૪-૨-૨૦૧૭ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યાથી સમાજ ભવનમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમગ્ર સભાખંડ ઉત્સુક શ્રોતાઓથી ભરાઈ ગયો હતો. સેમિનારમાં આવનાર દરેક શ્રોતાઓનું રજીસ્ટ્રેશન કરી તેમને ફોલ્ડરમાં પ્રોફેશનલ સમિતિ દ્વારા તૈયાર કરેલ અત્યંત ઉપયોગી એવું બેકગ્રાઉન્ડ મટીરીયલ Direct Tax Ready Referencer, Budget Highlights અને Referencer સાથે Notepad અને Pen આપવામાં આવેલ.

સેમીનારનો શુભારંભ શ્રી કલકત્તા ગુજરાતી સમાજના માનનીય પ્રમુખ અને શ્રી લોહાણા મહાપરિષદના ટ્રસ્ટી શ્રી રવિન્દ્રભાઈ વાઘાણી, શ્રી કલકત્તા ગુજરાતી સમાજના ટ્રસ્ટી અને શ્રી લોહાણા મહાપરિષદના રાષ્ટ્રીય પીઆરઓ (જનસંપર્ક) શ્રી હીરાલાલભાઈ રાજા, પ્રોફેશનલ સમિતિ (ઉત્તર-પૂર્વ વિભાગ)ના ઉપપ્રમુખ સીએ અશોકભાઈ પોપટ, સીએ જિનેશભાઈ વણઝારા તથા સીએ જયેશભાઈ પોપટના વરદહસ્તે દિપ પ્રગટાવીને વિવિધ સમિતિના પ્રમુખો - જ્યોતિબેન રાજા, ભાવનાબેન રાચ્છ, શ્રી લોહાણા મહાપરિષદના પર્સનાલિટી ડેવલપમેન્ટ (ઉત્તર-પૂર્વ વિભાગ) સમિતિના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ ગણાત્રા, સ્કીલ ડેવલપમેન્ટ (ઉત્તર-પૂર્વ વિભાગ) સમિતિના પ્રમુખ શ્રી રમેશભાઈ સાકરીયા, શ્રી લોહાણા મહાપરિષદના સમિતિ સભ્યો શ્રી રાજેશભાઈ વાઘાણી અને નીતીનભાઈ નાગ્રેચા વિગેરેની હાજરીમાં કરવામાં આવેલ. શ્રી લોહાણા મહાપરિષદ (ઉત્તર-પૂર્વ વિભાગ)ના જનસંપર્ક અધિકારી સીએ કિશોરભાઈ દત્તાણી તથા ક્રિશ્નાબેન દત્તાણીએ દીપ પ્રાગટ્યનો ભાવપૂર્ણ રીતે મંત્રોચ્ચાર કર્યો હતો.

ત્યારબાદ મંચસ્થ સહુ મહાનુભાવો સર્વશ્રી રવિન્દ્રભાઈ વાઘાણી, શ્રી હીરાલાલભાઈ રાજા, સીએ શ્રી જીનેશભાઈ વણઝારા, સીએ શ્રી અશોકભાઈ પોપટ તથા સીએ શ્રી જયેશભાઈ પોપટનું સન્માન અનુક્રમે ઉષાબેન પોપટ, ક્રિશ્નાબેન દત્તાણી, ચિત્રાબેન પોપટ, ડૉ. વિપિનભાઈ પટેલ અને શ્રી પુરુષોત્તમભાઈ પારેખના હસ્તે ચોકલેટી બુકે અર્પણ કરીને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હાલમાં જ પદ્મશ્રીની ઉપાધિથી નવાજિત કોલકાતાના ગુજરાતીઓને ગૌરવ આપનાર શ્રી બિપીનભાઈ ગણાત્રા ઉપસ્થિત રહ્યા હતા. તેમનું બહુમાન શ્રી રવિન્દ્રભાઈ વાઘાણી તથા સમાજના અન્ય હાજર અગ્રણીઓ શ્રી હીરાલાલભાઈ રાજા, શ્રી પુરુષોત્તમભાઈ પારેખ અને શ્રી રમેશભાઈ સાકરીયા દ્વારા કરવામાં આવ્યું હતું અને સાથે તેમની આ ઉપલબ્ધિ માટે શ્રી કલકત્તા ગુજરાતી સમાજ દ્વારા તેમને રૂા. ૫૧,૦૦૦/-નો ચેક અને એક પ્રશસ્તિ પત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. શ્રી બિપિનભાઈ ગણાત્રાએ કહ્યું કે મને માત્ર નિરુપેક્ષ સેવાના કાર્ય છોડીને અન્ય કોઈ પણ કાર્યમાં રૂચિ નથી.

આ પ્રસંગે સમાજના પ્રમુખ શ્રી રવિન્દ્રભાઈ વાઘાણીએ પોતાના પ્રાસ્તવિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે છેલ્લા ૯ વર્ષોથી બજેટ પરિસંવાદનું આ આયોજન લગાતાર થાય છે જેની લોકો આતુરતાથી રાહ જોતા હોય છે. આપણે નસીબદાર છીએ કે આપણા સમાજના યુવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ આટલી મહેનત કરી બજેટ અને બીજા ઈકોનોમિક મેટર વિશે આપણને સરળ ભાષામાં સમજણ અને મુદ્રિત સામગ્રી આપે છે.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સીએ કિશોરભાઈ દત્તાણીએ પોતાની આગવી શૈલીમાં કરતાં કહ્યું હતું કે આપણા દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાહેબ દેશમાં ''શુદ્ધિ યજ્ઞ''ની ઝુંબેશ ચલાવી રહ્યા છે જેની વિશેષતા સમગ્ર દેશ તેમજ વિદેશ સુધી પ્રસરાય છે.

સંકલન : CA અશોક પોપટ








# પાણી બચાવો.... જીવન બચાવો....


## હાર્દિક શુભેચ્છા સહ




ISCON
BUILDING THE FUTURE

તલકશીભાઇ દલછારામ કોટક પરિવાર
પ્રવિણ ટી. કોટક, ચેરમેન ઇસ્કોન ગ્રુપ
જયેશ ટી. કોટક - ઈસ્કોન ગ્રુપ

## હૃદયપૂર્વકની અપીલ

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને
સશક્ત બનાવવા આરોગ્ય અને શિક્ષણના સેવાયજ્ઞમાં
આપ પણ ટીપે ટીપે સરોવર ભરાય તે નાતે
યથાયોગ્ય યોગદાન આપી ધન્યતા અનુભવશો
એ જ અભ્યર્થના સહ.

મોહન ટી ઠક્કર, ટ્રસ્ટી, શ્રી લોહાણા મહાપરિષદ (૦૯૮૨૧૦ ૪૩૮૭૮)

## હાર્દિક શુભેચ્છા સહ

સુરેશભાઈ એચ. ચંદારાણા પરિવાર
ઉપપ્રમુખ (સૌરાષ્ટ્ર વિભાગ), રાજકોટ
૯૮૨૪૦૬૬૩૭૫

THE FERN
HOTELS & RESORTS
Leading environmentally sensitive hotels

Nitin Raichura
98251 75353

Aan Automobile
Shri Ram Sarvjanik Hospital, Sec.
Shree Grurukupa
Shraddha Realities Pvt. Ltd.
Builders & Developers
Saurastra Cricket Association, Tre.
The Fern Hotels

The Fern Residency, Kuwadva Road, Rajkot.
E-mail : nitin@sgsrgroup.com

## શ્રી ભરત હંસરાજ દનાણી



પ્રભારી - શ્રી લોહાણા મહાપરિષદ
વિદર્ભ સહ મધ્યભારત વિભાગ
સર્વ લોહાણા જ્ઞાતિજનોને હાર્દિક શુભેચ્છા
તથા
જય ઝૂલેલાલ

## શ્રી ધવલ આચાર્ય
અમદાવાદ



યુવા અધ્યક્ષ, ગુજરાત
શ્રી લોહાણા મહાપરિષદ

ROYAL GROUP

Sandeep Jayakar
Director - Operations
M : +91 93223 32038

Universal Currency Exchange (I) Pvt. Limited

Office : Shop No. 1, Chintamani Plaza, Andheri Kurla Road, Andheri (East)
Mumbai 400 099. Landline : 022 6500 0425 / 426 / 427
Email : sandeep@currencyexchange.net.in

Gadhiya Travelhub Pvt. Ltd.
Always at your service...
079 4008 2288

OUR SERVICES

Domestic & International Air Tickets
World Wide Hotel Booking
Car & Bus on Rent
Passport, Visa & Travel Insurance Assistance
Rail & Bus Tickets
Domestic & International Tour Packages

Address: UGF- 7, City Center, Swastik Char Rasta, Navrangpura, Ahmedabad - 380 009
Mo : +91 70433 34555, +91 85111 65053 Email : info@gadhiyatravels.com

# થેલેસેમિયા ભગાવો... સમાજ સુરક્ષિત બનાવો...

હસુભાઈ ભગદેવ, રાજકોટ, ૯૩૭૭૩૫૬૮૦૧

JTC
Jalaram Transport Co.
FLEET OWNERS TRANSPORT
CONTRACTORS & COMMISSION AGENT
H.O. 3-Bhaktinagar Station Plot, Rajkot-2
Telefax 0281-2482185 / 86 - 3290613
Mobile 93773 56824 To 26
E-mail jalaram.transport@yahoo.com
E-mail jalaramtransportraj@gmail.com

માતુશ્રી ગોદાવરીબેન ગંગારામ પાંધી
પરિવાર-મુંબઈ (બિદડા-કચ્છ)ના
જય રઘુવંશ-જય મહાપરિષદ

શ્રીમતી : હેતલબેન નિતીન ઠક્કર (પાંધી) તથા
ધ્વનિ તેજસ ચોથાણી પરિવારના
- જય જુલેલાલ -

Hero
Bipin Batavia
Proprietor
SHIVANG AUTOMOBILES
Authorised Dealer Hero MotoCorp Ltd.
Showroom :
Near Old Mumbai Naka, New Mumbai-Agra Road, Nashik-422001.
Telephone : (0253) 2503121, 25003221 Fax : (0253) 2500679
Mobile : +91 9822034505 E-mail : shivang.nasik@heromotocorp.biz,
heromotocorp@shivangautomobilesindia.com

હાર્દિક શુભેચ્છા સહ
ભરતભાઇ ચંદારાણા
પરિવાર, નાશિક

હાર્દિક શુભેચ્છા સહ
સુરેશભાઇ કોટક
પરિવાર, નાશિક


હાર્દિક શુભેચ્છા સહ
કિશનભાઇ સોમાણી
પરિવાર, નાશિક

A Divine Fragrance.....
nandini®
AGARBATTI
HEAD OFFICE :
NANDINI AGARBATTI CO. PVT. LTD.
5/6, Ambedkar Shopping Centre,
Red Cross Chowk, Nashik - 422 001.
Maharashtra (INDIA)
Tel. : +91 253 - 2578816, 2578700
Fax : +91 253 - 2512400
Email : info@nandiniagarbatti.com
Website : www.nandiagarbatti.com
WORKS :
"Ushakiran" Nandini Nagar
Hirawadi Road, Panchvati,
Nashik - 422 003. Maharashtra (INDIA)
Tel. : +91 253 2511400

YAMAHA
Mahesh Thakkar
Partner
TORQUE MOTORS
Showroom : Shop No. 2, Komal Plaza,
Near INOX Cinemas, Nasik Pune Road,
Nasik - 422006
Ph : +91 94222 59554
E-mail : mahesh.torquemotors@gmail.com
Torque Responsibly

# અંગદાન કરી મૃત્યુ બાદ પણ જીવંત રહીએ


From celebrations to recreation to relaxation. Radisson, Kandla has it all.




Airport Road, Gandhidham, Gujarat, India - 370201. Tel: +91 2836 666666, 99798 45581 | www.radisson.com/kutchin
Radisson HOTEL KANDLA

ભરતભાઈ રેલીયા, રાજકોટ
૯૮૨૫૦ ૭૮૯૫૯

PHARMA Distributors
Near Moti Tanki, Rajkot - 360 001.
Ph. O.: 2446547 Ph. R.: 2572662
M.: 94269 30024 - 98250 78959
E-mail : pharma_relias@yahoo.co.in

National Chairman,
Skill Development Committee,
Shree Lohana Mahaparishad.



JIGNESH BHAJIAWALA
+91 98796 22555 jigneshbhajiawala@gmail.com
40, Gayatri Society-1, Udhnagam, Udhna, Surat- 394210.

GITA KOTAK LOSE 11 KG. IN 3 MONTH
Lose Weight
&
Earn Income
Call For Appointment
Girish Kotak
+91 9173624590
+91 9426370926



Results Are Not Tripical & May Vary From Person to person

હાર્દિક શુભેચ્છા સહ
કરસનભાઈ મૂળજીભાઈ કતીરા
પરિવાર, નાશિક

Project by :
DEV PROPERTIES
FF-111, Shiddhi Vinayak Complex, Opp. Railway Station,
Farmaji Compound, Alkapuri, Vadodara.




187/12/B/1-2, Champalipura, Nr. CASA Paradise Chipad, Ta.: Waghodia, Dist.: Vadodara.
187, Champalipura, Nr. Narmada Vasahat Chipad, Ta.: Waghodia, Dist.: Vadodara.

MARVELOUS PLASTICS
2/9, BIDC Gorwa, Gorwa Road, Vadodara - 390016.
Phone : +91 265 2286141 Mobile : 9825037976
E-mail : maganbhairupavel@yahoo.co.in
marvelousco@yahoo.co.in

UDIT INVESTMENTS
Mukesh Chothani
Certified Financial Consultant
- Mutual Funds • Investment
- Insurance • Retirement
- Tax Planning • I.P.O. & Bonds
- Co-Deposite & Loan Consultancy

2, First Floor, Amrut Chambers, Malegaon Stand,
Panchavati, Nashik-422003
Tel. (O) 0253-2511136, 6565755, (M) 9822274907
E-mail _ namaskar37@gmail.com
PRESIDENT : GUNTAVNUK PRATINIDHI VIKAS SANSTHA, NASHIK

હાર્દિક શુભેચ્છા સહ
યોગેશભાઇ કાનાણી
પરિવાર, નાશિક

## રક્તદાન... મહાદાન... Download : lmpbloodseva.org


### કે. સી. ઠક્કર - ગાંધીધામ
B.E. (Civil) - Engg. & Developer
(M) : 98251 23321
ઉપપ્રમુખ (કચ્છ) - શ્રી લોહાણા મહાપરિષદ
પૂર્વ પ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી માધવ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીધામ
ટ્રસ્ટી : શ્રી રામ કિશ્ન સ્ટર્લીંગ હોસ્પિટલ, ગાંધીધામ
ટ્રસ્ટીઃ શ્રી જલારામ રઘુવંશી લોહાણા કન્યા છાત્રાલય, રાપર
ટ્રસ્ટી : શ્રી લવજીભાઈ ઉકશીભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ, સામખીયારી
ટ્રસ્ટી : અખિલ ગુજરાત લોહાણા સમાજ

shop : 23682362
### S.S.THAKKAR
Farm Fair, next to IOC Petrol pump
warden Road, Mumbai - 400026.
JUGHEAD HOTDOGS & MORE · Bistro@ Coffee Break · FARM FAIR CHINESE CUISINE · baskin robbins

Jai Raghuvansh, Jai Mahaparishad
BK
### DAMYANTI FOOD PRODUCTS
*(a Unit of B.K. Group, Nagpur)*
Manufacturers Of :
Idli Rawa, Upma Rawa (roasted), Wheat Daliya, Wheat Flour, Maida, Wheat Rawa Roasted, Jada Poha In Attractive Consumer Packs
For Trade Inquiries Contact : M - 09423682727
E mail : bkcogroup@gmail.com

### હરીલાલ દયાળજીભાઈ ઠક્કર (રામાણી)
આદીપુર મો. ૯૮૭૯૧૩૮૧૫૩

વિભાગીય અધ્યક્ષ, કચ્છ - લગ્નવિષયક સમિતિ
શ્રી લોહાણા મહાપરિષદ
ચેરમેન - મૅરેજ બ્યુરો
શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન

MONARCH GROUP SUNIL RAJAI
### MONARCH
*(A house of complete Software Solution)*
Our Software Services
- Accounting Software
- Income-Tax Software
- Service-Tax Software
- Web Designing
- Project report System Software.
- Value Added Tax Software
- Audit Reporting System
- smsmonarch.com

31-35, Gandhi Chambers, 5/694, Bhavaniwad, Haripura, Surat - 395003.
Tel. : (0261) 2418983-84-85-86 Customer Care: : 95100 56789 95101 56789
helpsurat@yahoo.com • www.i-tax.in

airtel
### શૈલેષભાઈ સોનપાલ
૯૮૯૮૬ ૫૨૧૬૩
SAMSUNG
Shivam Agency
Shivam Mobile Services Pvt. Ltd.
Radhey Sales Pvt. Ltd.
16, Karunesh Nagar, Near Small Wonder School
Parvat Patiya, Surat - 395010.

### હાર્દિક શુભેચ્છા સહ
### કિશોરભાઇ ઠક્કર
### પરિવાર, નાશિક

### PARi Creation

PARi Girls Ethnic Wear
414, Atlantic Plaza, Garage Gally, Near Tilak Bhavan,
K.G. Marg, X Tulsi Pipe Road, Dadar (W), Mumbai-28
Tel. : 022-24329342 / 24216983 Whatsapp : 9004257777
E-mail : pari.creation@yahoo.com Website : www.paricreation.com

## પર્યાવરણ સમિતિ




# પાણી બચાવો, જીવન બચાવો



# ચાલો તિલક હોળી ઉજવીએ



શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણી, વાઈસ ગવર્નર શ્રી પરેશભાઈ ભૂપતાણી, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર, મંત્રીઓ શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી પિયુષભાઈ ગંઠા તથા શ્રી કિરીટભાઈ ભીમાણી, રાષ્ટ્રીય અધ્યક્ષ, પર્યાવરણ સમિતિ તથા શ્રી લોહાણા મહાપરિષદ દેશમાં વસતા તમામ રઘુવંશી ભાઈ-બહેનોને તિલક હોળી ઉજવવા માટે અપીલ કરે છે. પર્યાવરણ સમિતિ શ્રી લોહાણા મહાપરિષદના અભિયાન ધુળેટી જેવા આનંદ ઉલ્લાસના તહેવાર ઉપર થતો પાણીનો બગાડ આપણે અટકાવીએ અને આ તહેવારને તેના ખરા સ્વરૂપમાં ઉજવીએ.

### નેશનલ વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી કોમ્પિટિશન



શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ દ્વારા વાઈલ્ડ લાઈફ વીકની ઉજવણીના ભાગરૂપે નેશનલ વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવેલ. વન્યજીવો વિષે જાગૃતિ તથા આપણા સમાજમાં પર્યાવરણ સંરક્ષણ એક સાંસ્કૃતિક પરંપરા અને આપણે સૌ પ્રકૃતિનું જતન કરીએ. આપણા માટે અને આવનારી પેઢીઓ માટે આ લક્ષ્યને ધ્યાનમાં લઈને આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. નેશનલ વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી કોમ્પિટિશનમાં ૨ ઓક્ટોબર ૨૦૧૬ થી ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૭ સુધી એન્ટ્રીસ સ્વીકારવામાં આવેલ કુલ ૬૮૯ એન્ટ્રીસ આ પ્રતિયોગિતામાં મળેલ છે. વિજેતાઓના નામ માર્ચ - ૨૦૧૭ ના અંત સુધીમાં જાહેર કરવામાં આવશે તથા વિજેતાઓને ઈનામ એપ્રિલ-૨૦૧૭ ના અંત સુધીમાં આપવામાં આવશે. વિજેતાઓના નામની યાદી શ્રી લોહાણા મહાપરિષદની વેબસાઈટ **www.lohanamahaparishad.org** તથા પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદનાં ફેસબુક પેજ **www.facebook.com / LMP - Lohana Environment.**

નેશનલ વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી કોમ્પિટિશનને સફળ બનાવવા માટે હું શ્રી લોહાણા મહાપરિષદનાં તમામ હોદ્દેદારો, પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદના તમામ સભ્યો, વિવિધ લોહાણા સંસ્થાઓના હોદ્દેદારો તથા આ પ્રોજેક્ટનું સંકલન કરનાર શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા, રાષ્ટ્રીય સહમંત્રી, પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ તથા નિલેશભાઈ ઠક્કર મંત્રી, ગુજરાત વિભાગ, પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ તથા આ અભિયાન સાથે જોડાયેલા તમામનો ખુબ ખુબ આભાર માનું છું. પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા આવા અભિયાન આપ સૌના સાથ સહકારથી ચાલુ જ રહેશે.

### અર્થ અવર - ૨૦૧૭ (વિજળી બચાવો... પર્યાવરણ બચાવો - ૨૦૧૭)




આપણા દેશમાં વિજળીનું વધુ પડતું ઉત્પાદન કોલસામાંથી થાય છે અને તેનાથી વાતાવરણમાં કાર્બનની માત્રા વધતી જાય છે. કાર્બનની વધારે માત્રાને કારણોસર આપણે ગ્લોબલ ક્લાઈમેટ ચેન્જનો સામનો કરી રહ્યા છીએ. વાતાવરણમાં વધતાં કાર્બનના પ્રમાણને અટકાવવા માટે ચાલો વિજળીનો જરૂરિયાત પૂરતો ઉપયોગ કરીએ, એલ.ઈ.ડી. લાઈટ્સ તથા વિજળીનાં પાવરસેવિંગ ઉપકરણોનો ઉપયોગ કરીએ. વિપુલ પ્રમાણમાં મળતી સૌર ઊર્જાથી ચાલતા સોલાર વોટર હિટર, સોલાર કુકર તથા સોલાર લાઈટ્સનો ઉપયોગ કરીએ. ઊર્જાના પુનઃપ્રાપ્ય સ્રોતથી પૃથ્વીને ફરી ચેતનવંતી કરીએ.

અર્થ અવરની ઉજવણી એક પ્રતિકાત્મક અભિયાન છે. આ વર્ષે ૨૫ માર્ચ, ૨૦૧૭ (શનિવારે) રાત્રે ૮.૩૦ થી ૯.૩૦ દરમિયાન અર્થ અવર-૨૦૧૭ ઉજવવામાં આવશે. આ સમય દરમિયાન વિજળીનો ઉપયોગ ન કરવો અથવા તો જરૂરિયાત પૂરતો કરવો. દર વર્ષની જેમ આ વર્ષે પણ આ અભિયાનમાં આખી દુનિયામાંથી ૧૭૮થી વધુ દેશો અને પ્રદેશોનાં કરોડો લોકો આ અભિયાનમાં જોડાશે. આપ પણ આ અભિયાનમાં જોડાઓ અને બીજાને પણ આ અભિયાનમાં જોડાવવાં માટે પ્રોત્સાહિત કરો.

કિરીટ ભીમાણી
અધ્યક્ષ - પર્યાવરણ સમિતિ

# થેલેસેમિયા સમિતિ

THALASSEMIA



ગત તા. ૨૪ જાન્યુઆરીના રોજ ગાંધીનગર આરોગ્ય વિભાગમાં આરોગ્ય કમિશ્નર શ્રી જે.પી. ગુપ્તાએ શ્રી લોહાણા મહાપરિષદની થેલેસેમિયા સમિતિની મીટીંગ બોલાવી હતી તેના અનુસંધાને તા. ૧ માર્ચના રોજ ડૉ. પરેશ દવે (એડિશનલ ડાયરેક્ટર, પબ્લિક હેલ્થ) સાથે ફરીથી શ્રી લોહાણા મહાપરિષદના થેલેસેમિયા સમિતિના હોદ્દેદારોની મિટિંગ યોજાઈ હતી અને તેઓએ થેલેસેમિયા નાબૂદી અભિયાનને આગળ વધારવા માટે સૌ પ્રથમ પોરબંદર જીલ્લામાં તેઓના કાર્યકરોને સાથે રાખી થેલેસેમિયા અંગે તાલીમ અપાવશે. જીલ્લાના કાર્યકરો તાલુકાના કાર્યકરો ને તાલીમ આપશે અને ત્યારબાદ સૌને સાથે રાખી એક વર્કશોપનું આયોજન કરવામાં આવશે. દર અઠવાડિયે પરિક્ષણ કેમ્પોનું આયોજન કરવામાં આવશે અને કોઈ બાકી રહી ગયું હોય તો તેમના ઘરે જઈ તેમનું પરિક્ષણ કરવામાં આવશે. આ ચર્ચામાં ડૉ. પરેશ દવેની ઓફિસમાં થેલેસેમિયા સમિતિના રાષ્ટ્રીય ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ ઉનડકટ, રાષ્ટ્રીય મંત્રી શ્રી અલ્પેશ જોબનપુત્રા, રાષ્ટ્રીય સહમંત્રી શ્રી મુકેશ ગોવાણી ઉપસ્થિત રહ્યા હતા. આ અંગે પોરબંદર લોહાણા મહાજનના પ્રમુખ શ્રી સંજયભાઈ કારિયા, શ્રી વિજયભાઈ તથા સમગ્ર ટીમે ઉત્સાહ પૂર્વક આ અભિયાનને સફળ બનાવવા કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

સંકલન : અલ્પેશ જોબનપુત્રા
રાષ્ટ્રીય મંત્રી- થેલેસેમિયા સમિતિ

# "રઘુવંશનો જય હો"



ભારતીય સમાજમાં જ્ઞાતિ વ્યવસ્થામાં આપણો રઘુવંશી સમાજ એક આગવી પ્રતિભા ધરાવે છે. જેમાં સાહસિકતા, સજ્જનતા, શ્રેષ્ઠતા, સેવા અને સમર્પણની ભાવના તથા નિડરતા અને બીજા માટે કંઈક કરી છૂટવાની નિઃસ્વાર્થ ભાવના હોય છે. આપણી માતૃસંસ્થા લોહાણા મહાપરિષદ સંવત ૨૦૧૭ નું વર્ષ "અંગદાન જાગૃતિ વર્ષ" ઉજવવાનું નક્કી કરી દેશના બીજા જ્ઞાતિ-સમાજને એક નવો રાહ ચિંધ્યો છે. આપણી સંસ્થાની આ સેવાકીય પ્રવૃત્તિ બીજી જ્ઞાતિ સમાજને પ્રેરણારૂપ બની રહેશે. આપણી માતૃસંસ્થા જે બીજી અનેક સેવાકીય પ્રવૃત્તિ કરે છે જેમાં થેલેસેમિયા નાબૂદી અભિયાન, રક્તદાન કેમ્પ, વૃક્ષો વાવો, ધરતી બચાવો, જળ એ જ જીવન. પાણી બચાવો, પર્યાવરણ બચાવો જેવી અનેક પ્રવૃત્તિ ઉપાડી આપણી માતૃસંસ્થામાં દરેક રઘુવંશીઓ ગૌરવ લઈ શકે.

અંગદાન અભિયાનમાં પ્રથમ "કાંડે ઘા નાખી". સહુ પહેલા આપણી સંસ્થાના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક તથા મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, રાજકોટ લોહાણા સમાજના પ્રમુખ શ્રી કાશ્મીરાબેન નથવાણી, રઘુવંશી સમાજના અગ્રણી શ્રી હસુભાઈ ભગદેવ, પ્રવિણભાઈ વગેરે મહાનુભાવોએ અંગદાન માટે પ્રથમ ફોર્મ ભર્યા છે. ધન્યવાદ. આ માટે આપણો રઘુવંશી સમાજ હર્ષ અને ગૌરવની લાગણી અનુભવે છે. સારાયે વિશ્વમાં પથરાયેલા તથા સૌરાષ્ટ્ર, ગુજરાત, કચ્છના જ્ઞાતિ પ્રમુખો અને આપણી માતૃસંસ્થાના સંલગ્ન સંસ્થા અને મહિલા મંડળ જો કાર્ય પૂરી ધગશ સાથે ઉપાડી લ્યે તો રઘુવંશી સમાજનો "ડંકો" સારા વિશ્વમાં વાગી જાય. આ અપેક્ષા આપણો સમાજ જરૂર ઝીલી લેશે.

જ્ઞાતિ સેવાના કાર્યમાં માન શું, અપમાન શું ?
છે એટલું અભિમાન બસ કે હું રઘુવંશનું સંતાન છું.

- મુકુંદરાય ડી. જસાણી 'સલામત'
(બાબરા)

# આરોગ્ય સમિતિ



તા.૪-૩-૨૦૧૭ ને શનિવારના રોજ આરોગ્ય સમિતિને કાર્યાન્વિત કરવા માટે તેમજ પ્રવૃત્તિઓને વિસ્તાર કરવાના આશયથી સ્થાનિક સભ્યોની એક મિટિંગ શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય પર યોજાઈ. સાંજે ૬.૩૦ કલાકે શરૂ થયેલી ધ્વજવંદન ગીતથી શરૂ થયેલી આ મિટિંગમાં સૌ સભ્યોએ એકબીજા સાથે પરિચય કેળવ્યો હતો. આ મિટિંગમાં આરોગ્ય સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. નંદલાલ માનસાતા, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, ડૉ. નિમાબેન આચાર્ય, ખજાનચી શ્રી હિંમતભાઈ કોટક, શ્રી મનોજભાઈ વિઠલાણી, શ્રી ધવલભાઈ રાજદે, ડૉ. નરેશ સૂચક, ડૉ. દક્ષા સૂચક, ડૉ. રશ્મિ ઠક્કર, ડૉ. આનંદ પરેશ રૂપારેલ વિશેષ આમંત્રિત ડૉ. ધર્મેશ હરિયાણી, વૈદ્ય ભવદીપ ગણાત્રા, ડૉ. અજીત વિઠલાણી, મનુભાઈ ગોકલાણી, ડૉ. આનંદ ઠક્કર, આનંદ હરિયાણી, ડૉ. મહેન્દ્ર ઠક્કર, શ્રી મુકુંદ પંડ્યા, ધવલ નથવાણી, ડૉ. મોહિત રૂપારેલ અને ડૉ. હર્ષદ ભૂપતકર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ મિટિંગમાં મેડિકલ ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ માટે કાઉન્સેલિંગની વ્યવસ્થા ગોઠવવા બાબત, અતિ ગંભીર કે ખર્ચાળ પ્રકારની તબીબી સારવાર માટે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવા બાબત, આરોગ્ય સહાય માટે આવતી અરજીઓને આર્થિક રીતે મદદરૂપ થવા માટે ચોક્કસ નિયમો ઘડવા બાબત, સમાજના પરિવારોને સમયાંતરે હેલ્થ ચેકઅપ માટે પ્રોત્સાહિત કરવા તેમજ વ્યાજબી દરે આ પ્રકારની વ્યવસ્થા ઉભી કરી યોગ્ય જાગૃતિ કેળવવા બાબત, સમાજના સેવાભાવી તથા પ્રતિષ્ઠિત ડોક્ટરો પાસેથી તેમના સમયદાન દ્વારા યોગ્ય સેવા મેળવવા બાબત, વિવિધ પ્રકારની સારવાર માટે મેડિકલ કેમ્પોનું આયોજન કરવા બાબત, રક્તદાન, નેત્રદાન તથા અંગદાન માટે અભિયાન ચલાવી સમાજમાં જાગૃતિ કેળવવા બાબત, આરોગ્ય સહાય માટે નિયત રીતે ફોર્મ પ્રકાશિત કરવા બાબત, સમાજના જરૂરિયાતમંદ પરિવારો માટે મહાજનશ્રીઓના સંકલનથી મેડિક્લેમ પોલીસી કે અન્ય વિકલ્પ વિશે ચર્ચા કરી જરૂરિયાતમંદ પરિવારોને લાભાન્વિત કરવા બાબત, નજીકના ભવિષ્યમાં ગુજરાતના સેવાભાવી ડૉક્ટરો સાથે સ્નેહમિલનના આયોજન બાબત રજૂઆત તથા ચર્ચા વિચારણા થઈ હતી. ત્યારબાદ સૌ ભોજન પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

સંકલન : ડૉ. નરેશ સૂચક, મંત્રી, આરોગ્ય સમિતિ (ભાવનગર)

# અંગદાન અંગે વિશેષ મિટિંગ





તા.૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૭ ને રવિવારના રોજ અંગદાનના અભિયાનને વિશેષ બળ મળે તે માટે અમદાવાદની વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો સરકીટ હાઉસ શાહીબાગ ખાતે યોજાયેલ એક મીટીંગમાં ઉપસ્થિત રહ્યા હતા. શ્રી કચ્છી સમાજ અમદાવાદ દ્વારા આયોજિત આ મીટીંગમાં ગુજરાતમાં પ્રથમ હૃદય પ્રત્યારોપણ કરનાર ડૉ. ધીરેન શાહ તથા તેમની ટીમ, ડૉ. વિપુલ વડેરા, ડૉ. હિમાંશુ શાહ, અન્ય ડૉક્ટરો, કચ્છી સમાજ અમદાવાદ તેમજ શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, રાજકોટથી શ્રી મિતલભાઈ ખેતાણી, શ્રી ડેનિસભાઈ તથા અમદાવાદની અન્ય જ્ઞાતિસંસ્થાઓના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. અંગદાન વિષે સવિસ્તાર માહિતી કેળવી સરકારશ્રી સાથે સંકલન કરી એક વિશેષ NGO દ્વારા સર્વ સમાજના સહકારથી ડૉ. ધીરેન શાહના નેતૃત્વમાં આ દિશામાં આગળ વધવા માટે સૌએ કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. કચ્છી સમાજ અમદાવાદના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક પ્રત્યે આ કાર્યમાં સંપૂર્ણ સાથ-સહકાર મળવા બદલ અભિનંદન અને આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# સંસ્થા સમાચાર

## મુંબઈ

માતુશ્રી કાનબાઈ લાલબાઈ અને મોતીબાઈ લોહાણા કન્યા શાળા અને બાલિકાગૃહમાં બાલિકાઓના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ સંસ્થામાં દાનની સરવાણી સતત વહેતી રહે છે. તાજેતરમાં T.S.S. Consulting Pvt. Ltd. તરફથી શ્રી અલકાબેન રાજપોપટ હસ્તક રૂા. ૨૫,૦૦૦/- નું દાન મળેલ છે. શ્રીમતી મીનાબેન મધુસુદન કાપડિયા હસ્તક તેઓશ્રીના પિતાશ્રી ગોવિંદજી લીલાધર ભાયાણીની પુણ્યતિથિ નિમિત્તે ૧,૫૧,૦૦૦/- કાયમી તિથિ માટે મળેલ છે અને તેઓશ્રીના માતુશ્રી સ્વ.શ્રીમતી લલિતાબેન ગોવિંદજી ભાયાણીની પુણ્યતિથિ નિમિત્તે ૧,૫૧,૦૦૦/- કાયમી તિથિ માટે પ્રાપ્ત થયેલ છે. તા.૧૪-૧-૧૭ મકરસંક્રાંતિ નિમિત્તે બાળાઓને સવારનો નાસ્તો અને ચીકી શ્રીમતિ હીનાબેન મજીઠીયા તરફથી આપવામાં આવેલ. ઉપરાંત શ્રી ભરતભાઈ રાવજીયાણી તરફથી સંસ્થામાં તા.૯-૧-૧૭, તા.૧૮-૧-૧૭, તા.૨૯-૧-૧૭ અને તા.૧૦-૨-૧૭ના ચાર દિવસના તિથિભોજન આપવામાં આવેલ છે. બાળાઓના શારીરીક આરોગ્યની સંભાળ લેવામાં પણ સંસ્થા અગ્રેસર છે. તા.૨૯-૧-૧૭ના રોજ જાણીતા સ્કીન સ્પેશ્યાલીસ્ટ છે. ડૉ.ભેરવીનો કેમ્પ રાખવામાં આવેલ. સંસ્થામાં કાયમી ધોરણે આવતા ડૉ. પ્રીતિબેન લાખાણી તરફથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. ચામડીના રોગો તથા એલર્જી વગેરે જેવા પ્રશ્નોનું સમાધાન જણાવવામાં આવ્યું. એવી જ રીતે અત્યારના સમયના સ્ટ્રેસ અને ડીપ્રેશન જેવી બાબતો પણ માનસ ઉપર અસર કરતી હોય છે જેમાંથી બહાર આવવા અને આવનારી પરીક્ષાઓમાં ધ્યાન કેન્દ્રિત કરવા શ્રી કલ્પેશભાઈ ઠક્કરનો મોટીવેશન સેમિનાર રાખવામાં આવેલ. પ્રોજેક્ટરની મદદથી જુદા જુદા મુદ્દાઓની છણાવટ કરીને તેઓશ્રીએ બાળાઓમાં ઉત્સાહ પ્રેરવા પ્રયત્ન કર્યો. શ્રીમતી અલ્કાબેન હાજર રહ્યા. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી તરફથી આ કાર્યક્રમોને શુભેચ્છા પાઠવવામાં આવી.

## મુંબઈ

શ્રી લોહાણા કન્યા શાળાના સંગાથે વિશ્વ માતૃભાષા દિનની ગુજરાતી સમાજ પ્રતિષ્ઠાન દ્વારા તા. ૨૧-૨-૨૦૧૭ના રોજ આવતા વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી ચૂંટણીની તારીખોને અનુલક્ષીને તા.૧૬-૨-૧૭ના રોજ ગુજરાતી સમાજ પ્રતિષ્ઠાન દ્વારા કરવામાં આવી હતી. શ્રી લોહાણા મહાપરિષદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી લોહાણા કન્યા શાળા - મુલુંડના સહયોગથી એ જ શાળામાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં વિદ્યાર્થીનીઓએ માતૃભાષા આધારિત કાવ્ય પઠન, માતૃભાષાની અસ્મિતા, માતૃભાષા માટે ગુજરાતી તેમજ બીન ગુજરાતીઓનું યોગદાન વિશેની રજુઆત રીયા, મોના અને ભૂમિએ કરી હતી. આચાર્ય શ્રીમતી સુધાબેન સંતોષિયા અને ગુજરાતી સમાજ પ્રતિષ્ઠાનના મહામંત્રી શ્રી લાલજી સરે વિશ્વ ગીરા ગુજરાતીની વાતો પોતાના વક્તવ્યમાં વણી લીધી હતી. સમૃદ્ધ વાંચન સામગ્રી ભરપર માતૃભાષામાં દસ વર્ષથી પ્રસિદ્ધ થતા અને દસ એવોર્ડ મેળવેલ સર્જનહાર માસિક મેગેઝીન્સની નકલો એના તંત્રી અને શ્રી લોહાણા મહાપરિષદના સહમંત્રી શ્રી ભાવેશભાઈ મિરાણીને હસ્તે વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

સંકલન : લાલજી સર

## મુંબઈ

શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈની મેડિકલ સમિતિ દ્વારા જ્ઞાતિબાંધવોને વિવિધ શારીરિક સમસ્યાઓના ઉકેલ રૂપે શ્રી કચ્છી લોહાણા મહાજન - મુંબઈની મેડિકલ સમિતિ દ્વારા નિઃશુલ્ક આયુર્વેદિક ચેક-અપ કેમ્પનું આયોજન શ્રી કચ્છી લોહાણા મહાજન - મુલુંડના સહયોગથી મહાજનવાડીમાં રવિવાર તા.૨૬ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવ્યું હતું. જ્ઞાતિશ્રેષ્ઠી ડૉક્ટરો શ્રી એલ.આર.ચંદન, ડૉ. શ્રી પ્રવિણ દૈયા, ડૉ. શ્રી દિપક ઠક્કર, ડૉ. કુ.શ્રુતિ પટેલ, મેડિકલ સમિતિના કન્વીનર ડૉ. શ્રી પ્રકાશ અડવા, મુંબઈ મહાજનશ્રીના પ્રમુખ શ્રી વસંતભાઈ માણેક, ટ્રસ્ટી શ્રી પ્રતાપભાઈ ઠક્કર, ઉપપ્રમુખ શ્રી પંકજભાઈ ચોથાણી, જ્ઞાતિ શ્રેષ્ઠીઓ શ્રી રાજેશભાઈ અનમ, શ્રી હીરાલાલ મૃગ, શ્રી અરૂણભાઈ ભીંડે, શ્રી તરૂણભાઈ લાલાઈ, મુલુંડ મહાજનશ્રીના એડહોક કમિટિના શ્રી નીતીનભાઈ જોબનપુત્રા, શ્રી શામજીભાઈ ભગદે, શ્રી પપનભાઈ ચંદ્રિયાણી, શ્રી પંકજ કારિયા દ્વારા દીપ પ્રાગટ્યથી અને કાર્યક્રમના કો.કન્વીનર શ્રી નીતીનભાઈ પાંધી અને કોઓર્ડીનેટરશ્રી શ્રી લાલજી સર દ્વારા પ્રાર્થના સાથે કાર્યક્રમની શરૂઆત થઈ હતી અને પધારેલા ડૉક્ટરોને મુંબઈ મહાજનશ્રી દ્વારા મોમેન્ટો આપવામાં આવ્યા હતા. શ્રી અરૂણભાઈ ભીંડે અને શ્રી તરૂણભાઈ લાલાઈએ પણ આ કેમ્પ પોતાને ત્યાં યોજવાની ઈચ્છા વ્યક્ત કરી હતી જેની વિગતો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

સંકલન : લાલજી સર

## રાજકોટ

રઘુવંશી પરિવાર દ્વારા ૫ માર્ચ, ૨૦૧૭ ના રોજ કેસરીયા વાડી ખાતે લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે પરિચય મેળાનું આયોજન થયું જેમાં લગભગ ૫૦૦ જેટલા યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી યોગેશભાઈ પૂજારા, સુશ્રી કાશ્મીરાબેન નથવાણી, શ્રી મનુભાઈ મિરાણી, શ્રી મિતલભાઈ ખેતાણી તથા સમગ્ર ટીમનો સુંદર સહકાર પ્રાપ્ત થયો હતો.

સંકલન : યોગેશભાઈ પૂજારા

## મુંબઈ

ગૌરક્ષક, ધર્મરક્ષક વીર દાદા જસરાજ - મંડળ મુંબઈ દ્વારા જસરાજ દાદાના દેશ-વિદેશમાં તેમના ગૌરક્ષા કરવાના ઉત્તમ કાર્ય - બલિદાન અને તત્કાલિન પરકીય આક્રમણ ખાળવા લોહાર ગઢના સક્ષમ વીર યોદ્ધાના ઈતિહાસથી સમાજને માહિતગાર કરવા તે સાથે વર્તમાનમાં ગૌરક્ષા, ગૌસેવા, ગૌસંવર્ધન કાર્ય કરવા માજી નગર સેવક શ્રી જગજીવનભાઈ તન્નાના છેક ૨૦૦૪થી શરૂ થયેલા પ્રયાસોથી વસંત પંચમી તા. ૧-૨-૨૦૧૭ના રોજ જસરાજ દાદાના શહાદત દિને ગૌરક્ષક, ધર્મરક્ષક, વીરદાદા જસરાજ - મંડળ મુંબઈની રચના કરવામાં આવી હતી તેની પ્રથમ સભા ચંદ્રદર્શન તા. ૨૭-૨-૨૦૧૭ના રોજ આનંદ ક્લાસીસમાં મળી હતી જેમાં શ્રી જગજીવનભાઈ તન્નાના પ્રસ્તાવથી આ મંડળના સંગઠક તરીકે શ્રી લાલજી સરની વરણી સર્વાનુમતે કરવામાં આવી હતી. આ સાથે સાત સભ્યોની કાર્યવાહક સમિતિની રચના કરવામાં આવી હતી જેમાં શ્રી લાલજી સર, શ્રી જગજીવનભાઈ તન્ના, શ્રી દેવેન્દ્રભાઈ અનમ, શ્રી વાલજીભાઈ ગજરા, શ્રી રજનીકાંત મોરારજી ઠક્કર, શ્રીમતી યામિનીબેન જોશી, શ્રીમતી જીજ્ઞાબેન જયેશ ગણાત્રાનો સમાવેશ થાય છે. આ સભામાં શ્રી પ્રતાપભાઈ વી. ઠક્કર, શ્રી રજનીકાંતભાઈ ઠક્કર, શ્રી ભૂપેન્દ્રભાઈ માપારા વગેરેએ પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતા. કોઈ પણ વ્યક્તિ આ મંડળના સભ્ય બની શકે છે. જેની વાર્ષિક સભ્ય ફી પ્રતિક રૂપે ૧૦૧ રૂા. રાખવામાં આવી છે. આ મંડળની બેઠક દર મહિનાના પહેલા શનિવારે રાતના આઠ કલાકે યોજાશે. મંડળમાં જોડાવા ઉત્સુકો અહીં સંપર્ક કરી શકશે. લાલજી સર (૯૮૯૨૦૦૬૬૨૮), જગજીવનભાઈ તન્ના (૨૫૬૮૪૪૮૭), જીજ્ઞાબેન ગણાત્રા (૯૮૨૦૩૬૯૪૪૫)

સંકલન : લાલજી સર

## જૂનાગઢ

લોહાણા સમાજના પૂર્વજ હિન્દુ સમ્રાટ વિરદાદા જસરાજજીના શૌર્ય દિન ૨૨મી જાન્યુઆરી રવિવારના દિવસે જૂનાગઢ લોહાણા મહાજનના પ્રમુખ મહેન્દ્રભાઈ મશરૂના અધ્યક્ષ સ્થાને ઉજવવામાં આવેલ. કાર્યક્રમમાં રઘુવંશી પરિવારના ૧૭૧ બાળકોએ વિવિધ કૃતિઓ રજૂ કરતાં તેને ઈનામો આપી શહીદ વીરદાદા જશરાજજીના જીવનની સ્મૃતિઓ તથા વિરગતિની યાદો તાજી કરતાં પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ મશરૂએ જણાવેલ કે, ૧૦મી સદીમાં અખંડ ભારતની સીમાએ ઉત્તર ભારતમાં ૨૪ પરગણાઓમાં લોહાણાઓનું સામ્રાજ્ય હતું અને આ શુરવીર લોહાણાઓ અને તેના વડા સેનાપતિ અને લોહ ગઢના મહારાણા વિરદાદા જશરાજજીના વિવાહ થતા હતા તે દિવસે વિધર્મીઓએ આક્રમણ કરી "ગૌમાતાઓ પર હુમલો કરી અને દેશ પર આક્રમણ કરેલ. ત્યારે વીરદાદા જશરાજજીએ ચાલુ લગ્નવિધિએ મીંઢળ બાંધેલી વરમાળાનો ત્યાગ કરી યુધ્ધે ચડી પોતાનું બલિદાન આપી શહીદી વહોરી દેશનું અને ગૌમાતાનું રક્ષણ કરેલ અને શૌર્યવીર એવા વીરદાદા જસરાજજી દુશ્મનો સામે લડતા લડતા તેઓ શહીદ થઈ ગયા હતા. તેઓની શહીદીની સ્મૃતિમાં આજનાં નવયુવાનો સર્વ રઘુવંશીઓ તેમના જીવનમાંથી પ્રેરણા લઈએ કે આપણે સૌ રઘુવંશીઓ ક્ષત્રિયો - રાજપુતો છીએ અને આજના વીરદાદા જશરાજજીના શૌર્ય દિન નિમિત્તે સંકલ્પ - પ્રતિજ્ઞા લઈએ કે, વીરદાદા જશરાજજીના અધુરા સ્વપ્નો અને કાર્યો પૂરા કરવા પૂરેપૂરા પ્રયત્નો કરીએ અને ગૌમાતા તથા ગૌવંશનું રક્ષણ કરવા સમગ્ર સમાજને જાગૃત કરીશ અને એ પણ જાણીએ છીએ કે, આજનો દિવસ આનંદનો દિવસ નથી પણ વિરદાદા જશરાજજીના વિરગતિને પામ્યાનો દિવસ હોય અમે તેમના જીવનમાંથી પ્રેરણા લઈ મોજશોખ અને આનંદના બદલે ત્યાગ, સેવા, સમર્પણની ભાવના ઊભી કરીએ. એટલું જ નહીં જરૂર પડ્યે દેશનાં સીમાડાઓની રક્ષા કરવા માટે "લોહર રેજીમેન્ટ" ઊભી કરવા પ્રયાસ કરીએ. આ કાર્યક્રમમાં પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ મશરૂ, ઉપપ્રમુખ અશ્વિનભાઈ મણિયાર, મહામંત્રી નંદલાલ ચોલેરા, અજયભાઈ જોબનપુત્રા, શૈલેષભાઈ પારેખ, વિમલભાઈ આડતીયા, ગીરીશભાઈ ખખ્ખર, સંજયભાઈ ચોલેરા, નીતીનભાઈ તન્ના, બંસીભાઈ કારીયા, પ્રતિભાબેન નાગ્રેચા, નિલાબેન નથવાણી, સરલાબેન સોઢા ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન શ્રી અશ્વિનભાઈ મણીયારે કરેલ, કાર્યક્રમને સફળ બનાવવા વિજયભાઈ ખખ્ખર, સંજયભાઈ ચોલેરાએ જહેમત ઉઠાવેલ હતી.

સંકલન : નંદલાલ ચોલેરા

## રાજકોટ

કેરિયર ગાઈડન્સ એસોસિએશન ગુજરાતના હાલ ૧૬૦ સભ્યો છે અને તે રાજ્યના ૨૪ જિલ્લામાં કાર્યરત છે. આ એસોસિએશનનું મુખ્ય કાર્ય વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસનું માર્ગદર્શન તથા રોજગાર વાંચ્છુઓને ભરતી પરીક્ષાનું પથદર્શન આપવાનું છે. તાજેતરમાં રાજકોટ જિલ્લાના ૭૦ સભ્યોની બેઠક થયેલ તેમાં પાંધી લો કૉલેજ ખાતે કારકિર્દી માર્ગદર્શન કેન્દ્રનો પ્રારંભ રાજકોટ કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી નવીનભાઈ ઠક્કરના વરદ્ હસ્તે થયેલ. હાલ આ પ્રકારના ૧૨ કેન્દ્રો રાજકોટ, ભાવનગર, જસદણ, બગસરા ખાતે કાર્યરત છે. આ પ્રસંગે એસોસિએશનના પ્રમુખ શ્રી આર.એન. કોટક, હોદ્દેદારો, સભ્યો ઉપસ્થિત હતાં. કાર્યક્રમનું સંચાલન શ્રી જાહન્વીબેન લાખાણીએ કરેલ જ્યારે સ્વાગત શ્રી નરેન્દ્રભાઈ કોટેચાએ કરેલ.

રાજકોટ જિલ્લાની આ બેઠકમાં વિદ્યાર્થીઓ, વાલી, શિક્ષકગણ અને રોજગારવાંચ્છુઓને યોગ્ય માર્ગદર્શન વિવિધ કાર્યક્રમો મારફત રાજ્યના તમામ જિલ્લાઓ મળે તે માટે ચિંતન થયેલ રાજકોટ જિલ્લા માટે માર્ગદર્શક, ગ્રુપોની સતત પ્રવૃત્તિ માટે રચના કરાયેલ, આ ચર્ચામાં શ્રી અશોક હિન્ડોચા, ડૉ. પરાગ દેવાણી, જાહન્વી લાખાણી, ડૉ. વિશાલ વાટીયા, ચેતના પટેલ, અંબરિષ મોદી, હેમલ દવે, બીના દેત્રોજા, એચ.કે. ધનેશા, આનંદ મિરાણી, પ્રા. આર.સી. પોપટ વિ. દ્વારા ચર્ચા થયેલ. આ પ્રસંગે એસોસિએશનના સભ્યો અને તેમના સંતાનોને વિશિષ્ટ સેવા / સિધ્ધિ માટે સન્માનિત કરાયેલ જેમાં ડૉ. પરાગ દેવાણી, અંબરિષ મોદી, સીએ રિધ્ધિ ખખ્ખર, શ્રેયા દેત્રોજા, અંજનાબેન હિન્ડોચા, હેમલ દવે તથા રમેશભાઈ પાઉંનો સમાવેશ થયેલ. આભારવિધિ શ્રી અશોક હિન્ડોચાએ કરેલ. શાળા / મહાશાળા, કોલેજો આ એસોસિએશનના કાર્યક્રમો, સભ્યપદ માટે સંપર્ક કરી શકે છે.

સંકલન : આર.એન. કોટક

## તાલાલા

તાલાલા (ગીર) ખાતે શ્રી લોહાણા મહાજન ટ્રસ્ટ સંચાલિત શ્રી રઘુવંશી નિઃશુલ્ક મેરેજ બ્યુરો તા. ૧૨-૨-૨૦૧૭ ને રવિવાર ના રોજ ભવ્ય રીતે સંપન્ન થયેલ તેમાં ૪૪૦ દિકરા અને ૮૯ દિકરીઓએ ભાગ લીધેલ તે મેરેજ બ્યુરોના પ્રમુખ શ્રી નીતીનભાઈ છગની ખુબ મહેનત અને વોટ્સએપ માર્કેટીંગ ખુબ જ કરેલ અને ખૂબ જ સફળતા મેળવેલ તેમાં લોહાણા મહાજનના પ્રમુખ શ્રી યોગેશભાઈ ઉનડકટે પ્રવચન આપી મેરેજ બ્યુરો વિશે તથા લોહાણા મહાપરિષદ ચોટીલા ખાતે મેરેજ બ્યુરો તથા અખિલ ગુજરાતની અવનવી સ્કીમ બાબતે માહિતી આપેલ હતી તથા બહારથી પધારેલા શ્રી દુર્ગાબેન લાદીવાલા, શ્રી ચેતનાબેન મિશ્રાણી, શ્રી બિંદુબેન ચંદ્રાણી તથા શ્રી ભરતભાઈ માવાણી, શ્રી પલ્લવીબેન તન્ના, શ્રી વિપુલભાઈ પાબારી તથા મેરેજબ્યુરોના સર્વે આગેવાનો તથા તાલાલા લોહાણા મહાજન આગેવાન મિત્રો તથા સુશ્રી નિરૂપમા યોગેશભાઈ ઉનડકટ, સુશ્રી બીનાબેન નિતીનકુમાર છગ, તમામ લોકોએ લોહાણા મહાજનવાડી ખાતે મેરેજ બ્યુરોમાં હાજરી આપી તમામ મેરેજ બ્યુરોની ટીમને ખુબ ખુબ અભિનંદન આપ્યા હતા. ટીમના સંચાલકો શ્રી યોગેશભાઈ ઉનડકટ, શ્રી નીતીનભાઈ છગ, શ્રી મુકેશભાઈ રાયઠઠ્ઠા, શ્રી નિતિનભાઈ ઉનડકટ, શ્રી વિરેન્દ્રભાઈ રાજા, શ્રી ધર્મેન્દ્રભાઈ રાયચુરા, શ્રી જયંતિભાઈ ખંઢેરીયા આ ટીમે ત્રણ મહિના સુધી મેરેજ બ્યુરો પાછળ ખુબ જ મહેનત તન, મનથી લાગી ગયેલ હતા. મેરેજ બ્યુરોને સફળ બનાવવામાં ખૂબ જ મહેનત કરેલ આ મેરેજ બ્યુરો ફક્ત અને ફક્ત નિઃશુલ્ક રાખેલ હતો જે દિકરીઓ, તાલાલા ખાતે પહોંચી શકેલ ન હતી તેમને મેરેજ બ્યુરો ટીમ તરફથી એક-એક બુક કુરિયર દ્વારા નિઃશુલ્ક મોકલવામાં આવેલ. આ કાર્યક્રમને વધુ વેગ મળે તે માટે જાહેરાત કરી યોગદાન આપેલ તેવા તમામ વેપારી ભાઈઓ અને પત્રકાર મિત્રોને અમે હૃદયપૂર્વક ખુબ ખુબ આભાર માનીએ છીએ. ભવિષ્યમાં અમને એવો સહકાર મેરેજ બ્યુરો બાબતે મળતો રહેશે તેવી આશા સાથે.

સંકલન : નીતીનભાઈ છગ

## વલ્લભ વિદ્યાનગર

શ્રી જલારામ લોહાણા વિદ્યાર્થી ભવન દ્વારા ૨૩મો વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ સમારોહ તા.૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૭ ના રોજ સાંજે ૬.૦૦ કલાકે અત્યંત સફળતાપૂર્વક યોજાઈ ગયો આ કાર્યક્રમમાં વડોદરાથી ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી પંકજભાઈ ઓંધિયા તથા શ્રી લોહાણા મહાપરિષદની શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ હરિયાણી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ શ્રી હસમુખભાઈ કારીયા, મંત્રી શ્રી ચંદ્રકાન્તભાઈ તન્ના તથા ટ્રસ્ટી શ્રી કે.આઈ. ઠક્કરના સીધા માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શ્રી ધર્મેશભાઈ હરિયાણી દ્વારા શ્રી લોહાણા મહાપરિષદની વિવિધ પ્રવૃત્તિઓથી સૌને માહિતગાર કરવામાં આવ્યા હતા. લગભગ રાત્રે ૯.૩૦ કલાકે સૌ ભોજન પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

સંકલન : શાંતિભાઈ ઠક્કર (ગુહપતિ)

## અમદાવાદ

સંત શિરોમણિ પ.પૂ. વંદનીય શ્રી જલારામ બાપાની ૧૩૬મી પૂણ્ય તિથિ નિમિત્તે શ્રી જલારામ બાપાના ભજનો તથા ભક્તિ સંગીત સંધ્યા અને પૂ. જલારામ બાપાના મહાપ્રસાદ અને મહા સંધ્યા આરતીનું ભવ્યાતિભવ્ય આયોજન અમદાવાદ એજ્યુકેશન સોસાયટી ગ્રાઉન્ડ અમદાવાદ ખાતે શ્રી વિરબાઈ મા જન સેવા ટ્રસ્ટ દ્વારા શ્રી પોપટલાલ આઈ. ઠક્કરના સૌજન્યથી કરવામાં આવેલ. આ આયોજનમાં કમીજલા ગાદિસ્થાનના મહંત શ્રી જાનકીદાસજી બાપુ, ભાગવત વિદ્યાપીઠના શ્રી ભાગવત ઋષિ, શ્રી રમણિકભાઈ શાસ્ત્રીજી તથા અન્ય સંતગણ, શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર, ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણી, વાઈસ ગવર્નર શ્રી પરેશભાઈ ભૂપતાણી, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, મહેસુલ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા તથા અન્ય શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા. ખુબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનોએ આરતીનો લાભ લીધો હતો. શ્રી અરૂણભાઈ પોપટલાલ ઠક્કર, સુશ્રી શીતલબેન અરૂણભાઈ ઠક્કર તથા તેમના પરિવારે આ કાર્યક્રમમાં ખૂબ જહેમત ઉઠાવીને કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો.

સંકલન : ભરતભાઈ ઉનડકટ

## શાબાશ રઘુવંશી

વર્ષ ૨૦૧૬, જીટીયુનો પદવીદાન સમારોહ તા.૧૯-૧-૨૦૧૭ ને ગુરુવારે યોજાયો હતો જેમાં એક મેરીડ વર્કીંગ, કોમન બટ નોટ કોમન વુમન એવી કોમલ દિનેશભાઈ અનડકટે (વેજલપુર, અમદાવાદ)માસ્ટર ડીગ્રી સાથે આઈટી ફિલ્ડમાં ગોલ્ડ મેડલ હાંસલ કર્યો જે બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ તરફથી ખૂબ ખૂબ અભિનંદન...



# શ્રી લોહાણા મહાપરિષદ / રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટ

## આયોજિત



સમગ્ર વિશ્વની માતૃશક્તિઓને સમર્પિત દિવંગત માતાઓના સ્મરણાર્થે તથા હયાત માતાઓના શ્રેયાર્થે
પ.પૂ.ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના શ્રીમુખે સાર્વજનિક

# શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ

મધ્યસ્થ કાર્યાલય તથા પત્ર વ્યવહારનું સરનામું : ઈસ્કોન મેગા મોલ, સેલર, એક્ઝીટ ગેટ પાસે, ઈસ્કોન મંદિરની બાજુમાં,
એસ. જી. હાઈવે, અમદાવાદ-380054. ફોન : (079) 4009 1005, 9909999309
Email : rctbhagvat@gmail.com • Website : www.lohanamahaparishad.org

## માતૃતર્પણ / પોથી યજમાન ફોર્મ

પોથી યજમાનનું નામ : ..........................................................................................

સરનામું : ..........................................................................................

..........................................................................................

ગામ : .................................................. જિલ્લો : ..................................................

ઈમેઈલ : ..........................................................................................

મોબાઈલ : .................................................. , ..................................................

आयुः पुमान् यशः स्वर्गं कीर्तिं पुण्यं बलं श्रियं ।
पशु सुखं धनं धान्यं प्राप्नुयान्मातृ वन्दनात् ॥

તર્પણ અર્થે માતૃશ્રીનો
પોસ્ટકાર્ડ સાઈઝનો
ફોટો લગાવવો.

માતૃશ્રીનું નામ : ..................................................

પરિવારનું ગોત્ર : ..................................................

સંતાનોની વિગત :

દિકરાઓના નામ : (૧) ..................................................

(૨).............................. (૩) ..............................

(૪).............................. (૫) ..............................

દિકરીઓના નામ : (૧) ..................................................

(૨).............................. (૩) ..............................

(૪).............................. (૫) ..............................

પ્રારંભ :કારતક સુદ પાંચમ ને તા.૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ બુધવારના રોજ (લાભપાંચમ)
પૂર્ણાહુતિ :કારતક સુદ બારસ ને તા. ૧ નવેમ્બર, ૨૦૧૭ બુધવાર (બારસ)
શુભ સ્થળ :માતૃગયા તીર્થ સિધ્ધપુર, જિ. પાટણ, ગુજરાત.

## અગત્યની સૂચનાઓ

★ આ આયોજન અંગેની વિગતવાર માહિતી માટે તથા માતૃવંદનાના આ આ અભૂતપૂર્વ અવસરમાં આર્થિક રીતે સહભાગી થવા ઈચ્છતા દાતાશ્રીઓએ મહાજનશ્રી તથા સ્થાપિત સંસ્થાઓના પ્રમુખશ્રી તથા મંત્રીશ્રી અથવા શ્રી લોહાણા મહાપરિષદના હોદ્દેદારોનો સંપર્ક કરવો તથા સંપૂર્ણ વિગતો ફોટો તથાચેક સાથેના ફોર્મ અમદાવાદ ખાતે શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય પર મોકલી આપવા વિનંતી.

★ શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞના આ વિશેષ આયોજનમાં કથા શ્રવણ માટે દેશ-વિદેશમાંથી પધારતા રઘુવંશી તેમજ અન્ય સમાજના સભ્યો માટે બપોરે કથાવિરામ બાદ ભોજન પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. ઉતારા/ રહેણાંકની વ્યવસ્થા તમામ સભ્યોએ સ્વખર્ચે કરવાની રહેશે. આ અંગેના તમામ વિકલ્પો જેવા કે ટેન્ટ/ હોટલો / સંસ્થાઓ તથા સંલગ્ન ખર્ચની વિગતો તથા બુકિંગ માટેના નંબરો વેબસાઈટ પર તથા પત્રિકામાં પ્રકાશિત કરવામાં આવશે. પોથી યજમાન દ્વારા મળેલા રૂા. ૧૧૦૦૦/- ના અનુદાનમાં માતૃમંદિર નિર્માણ, દરરોજ ઋષિકુમારો દ્વારા શાસ્ત્રોક્ત રીતે ધ્યાન – પૂજા, અંતિમ દિવસે માતૃતર્પણની વિધિ તથા આ તમામ દિવસો દરમ્યાન બંને સમયે ભોજન પ્રસાદની વ્યવસ્થા સામેલ છે. તા. ૧ નવેમ્બરના રોજ માતૃતર્પણની સામૂહિક વિધિમાં આપશ્રીને અથવા આપના પરિવારના કોઈ સભ્યોને ઉપસ્થિત રહેવા નમ્ર વિનંતી. માતૃતર્પણના આ અનોખી રીતે યોજાનારા સામૂહિક / સર્વજ્ઞાતિય કાર્યક્રમમાં વ્યક્તિગત રીતે પાટલા કે યજ્ઞમાં બેસવાનું પ્રયોજન નથી.

★ આ ફોર્મ જરૂરી વિગતો સાથે સુવાચ્ય અક્ષરે મધ્યસ્થ કાર્યાલય પર પ્રાપ્ત થયે ફોર્મમાં જણાવ્યા પ્રમાણેના સરનામા ઉપર અથવા તો આપના રજિસ્ટ્રેશન માટેના સંકલક સભ્યને આપની રકમ જમા થયેની પહોંચ તથા પોથી નંબર આપને મોકલી આપવામાં આવશે. આ તમામ દાતાશ્રીઓની યાદી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની વેબસાઈટ www.lohanamahaparishad.org ઉપર પણ પ્રકાશિત કરવામાં આવશે. આપનો પોથી નંબર યાદ રાખવો અતિ આવશ્યક છે. કથાના તમામ દિવસો દરમ્યાન વિશેષ રીતે નિર્માણ કરાયેલ પોથી મંદિરનું પૂજન ઋષિકુમારો દ્વારા તથા અંતિમ દિવસે તર્પણવિધિ પૂ.ભાઈશ્રી શ્રી રમેશભાઈ ઓઝાની પાવન ઉપસ્થિતિમાં કરાવવામાં આવશે.

★ જો કોઈ પણ કારણસર પરિવારના સભ્ય હાજર ન રહી શકે તો પણ સંપૂર્ણ વેદોક્ત રીતે આ વિધિ સંપન્ન કરવામાં આવશે. તર્પણની પ્રસાદી રૂપે શ્રીમદ્ ભાગવતનું પુસ્તક આવા તમામ પરિવારોને અરજદારના સરનામે મોકલી આપવામાં આવશે.

★ માતૃતર્પણ અર્થે વિશેષ રીતે નિર્માણ પામેલ માતૃમંદિરમાં દર્શન તથા ધ્યાન માટે પણ બેસવાની વ્યવસ્થા અલાયદી રીતે કરવામાં આવશે. વૈદિક મહત્ત્વ ધરાવતી મા સરસ્વતી નદીના પટમાં આયોજિત આ જ્ઞાનયજ્ઞમાં દરરોજ સવારે કથાનો ક્રમ રહેશે અને સાંજના સમયે રોજ અલગ અલગ પ્રકારના સાંસ્કૃતિક / સામાજિક / ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

## અનુદાન

(૧) ૧૧,૦૦૦/- પોથી યજમાન – માતૃતર્પણનું અનુદાન

(૨) ૧,૦૮,૧૧૧/- યજ્ઞમાં બેસવા ઈચ્છતા પરિવારો માટે અનુદાન (તા.૧ નવેમ્બર, ૨૦૧૭)

(૩) ૧૧,૧૧,૧૧૧/- કથા દરમિયાન ભોજન પ્રસાદના દૈનિક યજમાન

(૪) ૫,૧૧,૧૧૧/- કથાના ઉત્સવોના યજમાન (૧) કૃષ્ણ જન્મોત્સવ (૨) ગોવર્ધન પૂજા (૩) રૂક્ષ્મણી વિવાહ

(૫) ૨૧,૧૧,૧૧૧/- જલારામ જયંતિ મહોત્સવ ૨૭ ઓક્ટોબર, ૨૦૧૭ ને કારતક સુદ સાતમના રોજ માટે યજમાન

આ અવસરમાં અન્ય રીતે પોતાનું યોગદાન આપવા ઈચ્છતા ભક્તોએ માતૃસંસ્થાના વરિષ્ઠ હોદ્દેદારોનો સંપર્ક કરવો.

## શ્રી લોહાણા મહાપરિષદ/ રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટ

પોથી પૂજન / માતૃતર્પણ અર્થે રૂા. ૧૧,૦૦૦/- ના અનુદાનની રકમ બેંકમાં તા...................... ના રોજ (ગામ ............... થી ચેક હોય તો ચેકની વિગત બેંકનું નામ ........................................ તથા ચેક નં. ................................) જમા કરાવેલ છે.

યજમાનનું નામ ........................................ ગામ .................... સહી ..........................

નાણાં સ્વીકારનું નામ ................................ ગામ .................... સહી ............................

## બેંકની વિગત

આપના અનુદાનનો ચેક ''આરસીટી શ્રીમદ્ ભાગવત કથા સમિતિ''ના નામનો લખવો.

બેંકનું નામ : કોટક મહિન્દ્રા બેંક ★ ખાતાનું નામ : આરસીટી શ્રીમદ્ ભાગવત કથા સમિતિ

ખાતા નંબર : 0512439640 ★ આઈએફએસ કોડ : KKBK0002582

### આપના સતત સાથ સહકાર અને આશીર્વાદની અપેક્ષા સહ....

| | | | |
|---|---|---|---|
| હિંમત કે. કોટક | યોગેશ એસ. લાખાણી -ગવર્નર | પ્રવિણ ટી. કોટક - પ્રમુખ | હિમાંશુ બી. ઠક્કર |
| નીતીન જી. પાંધી | પરેશ પી. ભૂપતાણી | ઉમંગ એચ. ઠક્કર | પિયુષ જી. ગંઠા |
| ખજાનચીઓ | વાઈસ ગવર્નર | વરિષ્ઠ ઉપપ્રમુખ | મંત્રીઓ |

## આગામી મધ્યસ્થ મહાસમિતિ / કારોબારી સમિતિની બેઠક

શ્રી લોહાણા મહાપરિષદની વર્ષ ૨૦૧૫ માં નવરચના પામેલી મધ્યસ્થ મહાસમિતિની બેઠક તેમજ કારોબારી સમિતિની બેઠક તા.૮ તથા ૯ એપ્રિલ ૨૦૧૭ ના રોજ કલકત્તા મુકામે યોજાનાર છે જેના વિગતવાર એજન્ડા તથા અન્ય જરૂરી માહિતીઓ તમામ સભ્યોને ઈમેલ દ્વારા મોકલી આપવામાં આવેલ છે આમ છતાં જો કોઈ પણ કારણસર આપને ઈમેલ ન મળ્યો હોય તો કાર્યાલય મંત્રીશ્રી જીતેન્દ્ર કારીયાને (મો. 9909999308) જાણ કરવા વિનંતી.

- હિમાંશુ બી. ઠક્કર / પિયૂષ જી. ગંઠા
મંત્રીઓ



# રામનવમી : રઘુવંશી ગૌરવ દિન



"कव सूर्य प्रभवो वंशः कव च अल्प विषया मतिः
तितीर्षु र्दुस्तरं मोहादुडुपेनास्मि सागरम् ॥ "

ક્યાં સૂર્યનું તેજ લઈને અવતરેલ રઘુવંશ, અને ક્યાં તુચ્છ વિષયોમાં રાચતી મારી મતિ।
તણખલાની હોડી દ્વારા અપાર સાગરને પાર કરવા જેવું સાહસ, રઘુવંશ વિષે લખીને હું કરી રહ્યો છું.

( कवि कालिदास - ( रघुवंश - प्र.सर्ग श्लोक - २ )



તા.૨ અને ૩ એપ્રિલ, ૨૦૧૬ના રોજ જામનગર મુકામે યોજાયેલી કારોબારી સમિતિની બેઠકમાં જાહેર કર્યા મુજબ દરેક સંસ્થાઓ તથા મહાજનશ્રીઓને ભગવાન રામચંદ્રના જન્મદિવસ એટલે કે રામનવમીને "રઘુવંશી ગૌરવદિન" તરીકે ઉજવવા માટે અપીલ કરાઈ હતી. તા. ૫ એપ્રિલ, ૨૦૧૭ ના રોજ રામનવમીને રઘુવંશી ગૌરવ દિન તરીકે યથાયોગ્ય રીતે ઉજવણી કરી આપણા ગૌરવશાળી વારસાને ચેતનવંતો રાખવાનો આ પ્રયાસ કરવા માટે સૌ મહાજનશ્રીઓ તથા સંસ્થાઓને અપીલ કરવામાં આવે છે. આ દિવસે જો કોઈ બીજું કંઈ પણ આયોજન શક્ય ન હોય તો સંસ્થાના સ્થાનિક હોદ્દેદારો કે કારોબારી સભ્યો સાથે મળી સમાજના વિકાસ માટે ચાલતા વિવિધ કાર્યો અંગે ચિંતન, મનન, મંથન કરી ભગવાન રામચંદ્રના કૃપાપાત્ર બનીએ અને માતૃસંસ્થાના તમામ પ્રકલ્પોમાં તન, મન અને ધનથી સાથે મળીને સહયોગ આપવા માટે સમાજના પરિવારોમાં જાગૃતિ કેળવવાનો નમ્ર પ્રયાસ કરીએ.

- નિતિન રાયચુરા (રાજકોટ)
રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ (સંગઠન)

RNI NO. : GUJ/GUJ/2011/44815
'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st December-2018
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'
Date of Publication : 5th March 2017


THE WORLD TRADE™ tours & travels

# SUMMER DEPARTURES 2017

## EUROPE
12 NIGHTS / 13 DAYS

Swiss, Germany, France, Belgium, Netherland

• Return Airfare • Visa • All Sightseeing • Breakfast & Dinner • Travel Kit

STARTING FROM 1,79,999/-

DEPARTURE 15th MAY 2017

For Query - +91 7575004917/11/13

## DUBAI
5 NIGHTS / 6 DAYS

Emirates FLIGHT

• Return Airfare • Visa • All Sightseeing
• Breakfast & Dinner • Travel Kit

DEPARTURE 14th MAY 2017

For Query - +91 7575004921/17

58,500/- STARTING FROM

## DUBAI
5 NIGHTS / 6 DAYS

airarabia.com FLIGHT

• Return Airfare • Visa • All Sightseeing
• Breakfast & Dinner • Travel Kit

STARTING FROM 51,900/-

DEPARTURE 12th MAY 2017

For Query - +91 7575004921/17

## THAILAND
5 NIGHTS / 6 DAYS

• Return Airfare • Visa • All Sightseeing
• Breakfast & Dinner • Travel Kit

DEPARTURE 20th MAY 2017

For Query - +91 7575004920/17

34,000/- STARTING FROM

## NORTH EAST
8 NIGHTS / 9 DAYS

• 3 Nights Gangtok • 1 Night Lachung • 2 Nights Pelling • 2 Nights Darjeeling
• Accommodation • Transportation • Breakfast and Dinner • All sightseeing and excursions as per the itinerary

STARTING FROM 29,999/-

DEPARTURE MAY 2017

For Query - +91 7575004915/16

## UTTARAKHAND
8 NIGHTS / 9 DAYS

2N Nainital • 2N Kausani • 2N Corbett • 2N Haridwar (With Rishikesh Day Trip)
• Accommodation • Transportation • Breakfast and Dinner • All sightseeing and excursions as per the itinerary

DEPARTURE 3-10-17 MAY 2017

For Query - +91 7575004915/16

23,616/- STARTING FROM

## CHARDHAM YATRA
8 NIGHTS / 9 DAYS

• 2 N Haridwar • 2n Barkot • 2n Uttarkashi • 2n Guptakashi /Rampur/Sitapur
• 1n Kedarnath • 1n Badrinath • 1n Rudraprayag
• Accommodation • Transportation • Breakfast and Dinner • All sightseeing and excursions as per the itinerary

STARTING FROM 22,199/-

DEPARTURE 6-12-20-26 MAY 2017 (EX DELHI)

For Query - +91 7575004915/16

SPECIAL DISCOUNTED FLIGHTS RATES AVAILABLE FOR ABOVE PACKAGES

331-334, Iscon Arcade, Opp. Pariseema Complex, C.G. Road, Ellisbridge, Ahmedabad, Gujarat- 380009

Email Id : info@worldtradetours.com | Web : www.worldtradetours.com Toll Free - 1800 121 0030


**President, Printer and Publisher :** Pravin Kotak, **Editor :** Tarun Dattani
**Place of Publication : Shree Lohana Mahaparishad,** Iscon Mega Mall - Basement, Near Iscon Temple, S G Highway, Ahmedabad - 380054 (Ph.) 079-40091005
**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)